



દોષદૃષ્ટિ દૂર કરો જીવન ટૂંકું છે.
આપણી પોતાની ભૂલો દૂર કરવા માટે પણ પૂરતો
સમય નથી. તમે તમારા ઘરની સાફસફાઈ કરવાને બદલે
બીજા લોકોની ભૂલો શોધવામાં પડશો તો
તમે ઠેરના ઠેર જ રહેશો.



તમારી જીભ સત્ય સિવાય કંઈ જ ન બોલે.
તમારી આંખ સારા સિવાય કશું જ ન જુએ.
તમારા કાન દિવ્ય સિવાય કશું જ ન સાંભળે
તમારા હાથ પરોપકાર સિવાય કશું જ ન કરે.



પ્રેમ એક મહાન અને અદ્ભુત શક્તિ છે,
જેના વડે માણસમાં રહેલ તમામ અનિષ્ટોનો મૂળમાંથી
નાશ થાય છે અને તેનું રૂપાંતર કરી
તેને ઈશ્વરત્વમાં સ્થિત કરે છે.

(આવતો જુલાઈ - ઓગસ્ટનો સંયુક્ત અંક તારીખ ૫ જુલાઈએ પ્રગટ થશે તેની નોંધ લેવા વિનંતી)

## પ્રાર્થના–પ્રારંભ અને અંત

પ્રાર્થના એ દિવ્ય સત્તા સાથેના વિચારવિનિમયનું સાધન છે. પ્રારંભિક તબક્કામાં જ્યારે ગંભીર ભક્ત ભગવદ્પ્રાપ્તિ માટે ઝંખે છે ત્યારે તે પ્રાર્થના કરે છે કે, 'હે નાથ! મને આપનું દર્શન આપો. આપની હાજરીનો સતત અનુભવ કરાવો.' તે ભક્તનું હૃદય ભગવાન સાથે એકાકાર થવા ઝંખે છે.

- સ્વામી ચિદાનંદ

Print Vision


If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234



# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૦, અંક - ૬, જૂન - ૨૦૧૩

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahbad-2. Annual Subscription Rs.150/-



## પવિત્ર થાઓ અને રાહ જુઓ

જેમ નાનો બલ્બ વધુ પડતા વોલ્ટેજવાળા વિદ્યુતપ્રવાહને જીરવી શકતો નથી તેમ જ્યારે મન સખત રીતે પવિત્રીકરણ માટે પ્રયત્ન નથી કરતું હોતું ત્યારે હૃદય અને જ્ઞાનતંતુઓ વૈશ્વિક પ્રવાહને સ્વીકારવા તૈયાર હોતાં નથી.

- સ્વામી શિવાનંદ

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૦ | અંક : ૬ | જૂન-૨૦૧૩



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

❍

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

❍

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

❍

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

### લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


## ॐ

**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।**
**यन्मौनं योगिभिर्गम्यं तद्भजेत्सर्वदा बुधः ॥**

**वाचो यस्मान्निवर्तन्ते तद्वक्तुं केन शक्यते ।**
**प्रपञ्चो यदि वक्तव्यः सोऽपि शब्दविवर्जितः ॥**

**इति वा तद्भवेन्मौनं सतां सहजसंजितम् ।**
**गिरा मौनं तु बालानां प्रयुक्तं ब्रह्मवादिभिः ॥**

**अपरोक्षानुभूतिः १०७, १०८, १०९**

મન સહિત વાણીઓ (જે બ્રહ્મને) વિષય નહિ કરીને જેનાથી પાછી ફરે છે (તે બ્રહ્મરૂપ મૌન છે.) જે મૌન (બ્રહ્મ) યોગીઓ દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય (છે.) ડાહ્યા (સાધકે) સર્વદા તેનું સેવન કરવું જોઈએ.

વાણીઓ જેનાથી (બ્રહ્મથી) પાછી ફરે છે, જેનું નિરૂપણ કરી શકતી નથી, તેને શાનાથી કહેવું શક્ય છે? સંસાર જો કહેવા યોગ્ય (હોય તો) તે પણ શબ્દનો વિષય નથી.

આવું જ (બ્રહ્મ તથા જગત વિષયક) તે મૌન છે. (આ મૌન) જ્ઞાનીઓની (મહાપુરુષોની) સ્વાભાવિક સ્થિતિ વડે પ્રસિદ્ધ (છે.) વાણીનું મૌન તો અજ્ઞાનીઓનું (છે એમ) બ્રહ્મવાદીઓએ કહ્યું છે.

## શિવાનંદ વાણી

**મહત્ત્વાકાંક્ષા અને ઇચ્છા :** જ્યારે તમને ઈચ્છાઓ હેરાન કરે ત્યારે ઐંદ્રિય જીવનની ખામીઓ જોઈને વૈરાગ્ય કેળવો. વિચારો કે ભોગ દુઃખ ઉત્પન્ન કરે છે અને બધી જ વસ્તુઓ ક્ષય પામી રહી છે. વારંવાર મનને પદાર્થો તરફથી પાછું ખેંચો અને તેને અમર આત્મા ઉપર કેન્દ્રિત કરો.

**- સ્વામી શિવાનંદ**


**પ્રકાશક-મુદ્રક :** અરૂણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી, પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. શ્લોક - આત્મબોધ | શ્રીમદ્ આદિ શંકરાચાર્ય | ૩ |
| ૨. અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. સંપાદકીય | સંપાદક | ૫ |
| ૪. શૈવપંથ-૨ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. 'જે થાય તે સારા માટે'ની ભેદક દૃષ્ટિ | શ્રી સ્વામી ચિદાનંદજી | ૧૦ |
| ૬. મનાચે શ્લોક-મનોબોધ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૧૨ |
| ૭. ઈશ્વરના સાક્ષાત્કારની અનિવાર્ય આવશ્યકતા | શ્રી યોગેશ્વરજી | ૧૪ |
| ૮. ભક્તિ અને ભક્તોના વિવિધ પ્રકાર | શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી | ૧૫ |
| ૯. શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૧૮ |
| ૧૦. અમૃતપુત્ર-૧૮ | શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે | ૨૧ |
| ૧૧. પોતાના નામે ઓળખાય તે ઉત્તમ | શ્રી હરિભાઈ કોઠારી | ૨૪ |
| ૧૨. વેદોનો અમૃતકળશ | ડૉ. નરેશ ભટ્ટ | ૨૫ |
| ૧૩. કવિઠા-મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન | શ્રી ભાણદેવજી | ૨૭ |
| ૧૪. મન કે જીતે જીત હૈ... | ડૉ. હરીશ દ્વિવેદી | ૨૯ |
| ૧૫. વૃત્તાંત | | ૩૧ |


## તહેવાર સૂચિ

**જૂન, ૨૦૧૩**

| **તા.** | **તિથિ** | **(વૈશાખ વદ)** |
|---|---|---|
| ૧ | ૮ | પૂજ્ય શ્રી શિવાનંદજી મહારાજની સંન્યાસ દીક્ષાનો સંવત્સરીદિન |
| ૪ | ૧૧ | એકાદશી |
| ૫ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૮ | ૩૦ | અમાવાસ્યા |
| | | **(જેઠ સુદ)** |
| ૧૮ | ૧૦ | ગંગા દશહરા |
| ૧૯ | ૧૧ | નિર્જળા એકાદશી |
| ૨૧ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૨૨/૨૩ | ૧૪/૧૫ | પૂર્ણિમા |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગયોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

**એકતા એ સત્ય છે :** અજ્ઞાન એ શત્રુતા, કડવાશ અને ભયંકર યુદ્ધનું કારણ છે. વિષયલોલુપતા અને લોભ માણસને ઉત્તેજિત કરે છે અને તેને તેનાં દિવ્ય સ્વભાવ, વિશ્વબંધુત્વ, માનવીય ઐક્ય, અવતારી પુરુષોના ઉપદેશો તથા શાસ્ત્રોનાં સત્યો ભુલાવી દે છે. તેનું માથું બળવાન અને હૃદય નબળું બને છે. તે બીજાઓને ધિક્કારે છે અને નિર્દય રીતે મારી નાખે છે. માયા કેવી બળવાન છે? ઓ માનવ! અજ્ઞાનનિદ્રામાંથી જાગ, તારી જાતને ઓળખ અને મુક્ત થઈ જા.

**- સ્વામી શિવાનંદ**

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાંની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**સ્ત્રીઓની કેળવણી :** સ્ત્રીઓ દવાઓ, કાયદો, જીવશાસ્ત્ર અને વિજ્ઞાનનું જ્ઞાન પોતાની જાણકારી માટે મેળવી શકે છે, નહિ કે નોકરી મેળવવા માટે. તે ગરીબોની સેવા માટે તેમ જ પોતાના પરિવાર માટે ડોક્ટર બની શકે છે. તે પોતાનાં બાળકોને તથા આસપાસનાં ગરીબ બાળકોને ભણાવવા માટે શિક્ષિકા બની શકે છે.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

પહેલી જૂન એટલે સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો સંન્યાસ દિવસ. લોકમાન્ય તિલકજીએ કહ્યું કે, 'સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક્ક છે' તેમ શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા કે, 'આત્મસાક્ષાત્કાર એ તમારો જન્મસિદ્ધ હક્ક છે.'

ગુરુદેવનું કહેવાનું હતું કે, સંન્યાસનો અર્થ માત્ર મુંડન કે કાષાય વસ્ત્રો ધારણ કરવામાં નથી. જુઓ, તમે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, ઈર્ષા, અસૂયા, દંભ, છળ કે કપટનો ત્યાગ કર્યો છે?

ગીતાએ સંન્યાસ સંબંધી બહુ સચોટ સ્પષ્ટતા કરેલી છેઃ

ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ ।
સ્થિરબુદ્ધિરસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ ॥ (ગીતા : ૫:૨૦)

જે માણસ પ્રિયને પામીને હરખાય નહીં તેમ જ અપ્રિયને પામીને અકળાય નહીં, એ સ્થિર બુદ્ધિનો અને સંશય વિનાનો બ્રહ્મવેત્તા મનુષ્ય સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મભાવે કાયમ સ્થિત છે.

ગીતાના ક્ષેત્રક્ષેત્રજ્ઞ વિભાગ યોગે સુંદર વાત કરી છે, કહ્યું,

અમાનિત્વમદમ્ભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।
આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ॥ (ગીતા : ૧૩.૭)

પોતાને જ જે શ્રેષ્ઠ માને અને પોતાના સમાન બીજો કોઈ નથી તેવું અભિમાન રાખે તો સુખ પામી શકે નહીં. કોઈ પણ પ્રાણીને દુઃખ માત્ર દંડો મારવાથી જ નથી. અભિમાની અને અહંકારી, સત્તાની લોલુપતા ધરાવતા લોકો પોતાના વ્યવહાર, વાણીમાં ઉચ્છૃંખલતા અને વર્તનમાં બીભત્સતાને કારણે કેટલી હિંસા કરે છે, તેની દુર્ભાગ્યે તેમને લેશ માત્રેય ખબર હોતી નથી.

વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥ (ગીતા : ૧૮:૩૮)

પોતાના અહંકારને પોષીને, પોતાનો મદ જાળવીને જે સુખ લોકોને મળતું હોય છે, તે પ્રારંભમાં, અમૃત જેવું જણાતું હોવા છતાં પરિણામે વિષ (બળ, વીર્ય, બુદ્ધિ, ધન, ઉત્સાહ તેમ જ આત્મીય આનંદનો નાશ કરનારું હોવાને કારણે વિષય અને ઇન્દ્રિયોના સંયોગોથી થનારા સુખને પરિણામે 'વિષ' જેવું કહ્યું છે.) જેવું છે.

સંન્યાસીના વૈરાગ્યનો અર્થ જે જગતની વચ્ચે રહીને જગતના સંબંધોનો વિચ્છેદ કરવો તે જ છે. સંન્યાસી સમાજની વચ્ચે રહે. સ્ત્રી અને ધનથી પૃથક્ રહેવાની વાતો કરતાં ધન અને સ્ત્રીઓ વચ્ચે પદ્મપત્રવિભાંબસા-જળકમળવત્ રહેવાનું વધુ મોટું તપ છે. ત્યાગ મનથી કરવાનો છે. મુંડન મનનું કરવાનું છે. હિમાલયમાં જઈને રહેનારા સાધુ કરતાં સમાજ વચ્ચે-સામાજિક કાવાદાવાઓ વચ્ચે મનને 'સ્વસ્થ' 'સ્વ'માં સ્થિત, પરમાત્મામાં સંલગ્ન રાખે તે જ સાચું સંન્યસ્ત છે. બાકી લોકો ગમે તેટલાં ધોળાં કપડાં પહેરે, પરંતુ તેમનાં છીછરાં માનસ, ચંચળ મન, તેમની વાસનાઓના સંસ્કારથી તેઓ અભદ્ર જ રહેવાના.

એલેકઝાન્ડર ધી ગ્રેટે મૃત્યુને સમયે કહેલું તે સર્વ વિદિત છે કે, 'મારો જનાજો નીકળે ત્યારે મારા બંને હાથ ખુલ્લા લટકતા રાખજો કે જેથી જગત જાણે કે હું મારી સાથે કશુંયે લઈ જતો નથી.' દુર્ભાગ્યે આપણે આપણી આવક કેમ વધે તેના જ ચિંતન અને વૃત્તિમાં રહીએ છીએ. દરેક વ્યક્તિને સૂવા માટે ૬' X ૩'ની જ જગ્યા જોઈએ. 'એક રોટી દે લંગોટી તેરે દ્વાર પાઉં કામ ક્રોધ છોડ ચલે, હરિ ગુન ગાઉં' આ સંન્યસ્ત કે ગૃહસ્થ બંને જીવનનો રાજમાર્ગ છે.

સેવા તો કરવી જ પડશે, પરંતુ સેવામાં હરીફાઈ, ચડસાચડસી, અંગત અહમ્‌નું પોષણ સેવાને બદલે સમાજમાં બોજ બને છે.

વેદોએ કહ્યું છે કે 'તમેવ વિદિત્વા અતિમૃત્યુમેતિ, ન અન્ય પન્થાઃ વિદ્યતે અયનાય' આ મૃત્યુ, જન્મનું ચક્ર માત્ર પરમતત્ત્વને પામવાથી જ પાર પડશે. માટે સરળ બનીએ. સહજ બનીએ, નિર્મળ બનીએ, નિરહંકારી બનીએ, નિર્મોહી બનીએ. 'અરે! ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય' આ નિષ્પાપ અને નિષ્કપટ પ્રેમના સૂત્રની વિસ્મૃતિ ન કરીએ ત્યાં જ આપણા દિવ્ય જીવનની સાર્થકતા. ૐ શાંતિ.

**- સંપાદક**

# શૈવપંથ-૨

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

**શિવ અને વિષ્ણુનું ઐક્ય**

શિવપંથી ભગવાન શિવનો ભક્ત છે. વૈષ્ણવપંથી ભગવાન વિષ્ણુનો ભક્ત છે. કેટલાક સંકુચિત મનવાળા લોકો શિવ અને વિષ્ણુમાં ભેદ જુએ છે. તેઓ એકબીજાના મંદિરમાં નહિ જવાની અને તેમની સાથે સંબંધ નહિ રાખવાની હદે જાય છે.

યાદ રાખો કે શિવ અને વિષ્ણુ એક અને સમાન સર્વવ્યાપક ઈશ્વર છે. તે સર્વવ્યાપક પરમાત્માનાં ભિન્ન પાસાં છે.

પુરાણોનો એક સૂચક શ્લોક આપણે યાદ રાખવો જોઈએ. તે છે : 'જેમ વિષ્ણુ શિવનું હૃદય છે તેમ શિવ વિષ્ણુનું હૃદય છે.'

એકદા એક શિવભક્ત શંકર નાયનાર કોઈલના મંદિરમાં ભગવાન શિવની પૂજા કરવા ગયો. તેણે જોયું કે મૂર્તિના બે ભાગ હતા. એક ભાગમાં વિષ્ણુ સ્વરૂપ અને બીજા ભાગમાં શિવ સ્વરૂપ હતું. તેણે અગરબત્તી સળગાવી પણ વિષ્ણુ તેની સુગંધ ન લઈ જાય તે માટે વિષ્ણુ મૂર્તિના નાકમાં રૂનું પૂમડું ખોસી દીધું. થોડી વાર પછી એક વિષ્ણુભક્ત આવ્યો. તેણે પણ ધૂપ કર્યો અને સુગંધ ન જાય તે માટે શિવનું નાક બંધ કર્યું. સંપ્રદાયને અંધ બની અનુસરનારા લોકોની સંકુચિતતા અને ધર્માંધતા તો જુઓ!

ભક્તનું હૃદય વિશાળ હોવું જોઈએ. ઈશ્વરે રચેલાં બધાં સ્વરૂપ અને વિવિધતાઓમાં પોતાના ઈષ્ટદેવને જોવા જોઈએ. ભક્તિમાં દઢપણે સ્થિત થવા માટે ભક્તને પોતાના ઈષ્ટદેવ પ્રત્યે પરમ પ્રેમ હોવો જોઈએ, સાથે સાથે તેણે ભગવાનનાં બીજાં સ્વરૂપ તરફ પણ સમાન પ્રેમથી જોતાં શીખવું જોઈએ.

સાંપ્રદાયિક પૂજા તાજેતરમાં શરૂ થયેલી ગણાય. કાન્તાચાર્યનો શૈવ સિદ્ધાંત ફક્ત પાંચસો વર્ષ પહેલાંનો છે. મધ્વાચાર્ય અને રામાનુજાચાર્યનો વૈષ્ણવ સંપ્રદાય લગભગ છસો વર્ષ પહેલાંનો છે. આ પહેલાં સાંપ્રદાયિક ભક્તિ ન હતી.

**શિવનાં ભક્તિ માટેનાં સ્વરૂપો**

સંત તિરુમુલરની શૈવ સિદ્ધાંત ફિલસૂફી ભગવાન શિવને એક જ વ્યક્તિ માને છે. તેનાં ત્રણ પરિપૂર્ણ સ્વરૂપો છે; આદિ આત્મા, શુદ્ધ ચૈતન્ય અને નિરપેક્ષ બ્રહ્મ.

**આદિ આત્મા :** આદિ આત્મા તરીકે શિવ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર છે અને અનુક્રમે સર્જન, પોષણ અને વિનાશની ત્રણ ફરજો બજાવે છે. આ સ્વરૂપમાં તે આપણો વૈયક્તિક દેવ છે, જે આપણને ઉછેરે છે, રક્ષે છે અને માર્ગદર્શન આપે છે. આપણે વધતા જઈએ છીએ ત્યારે તેમનું સાચું સ્વરૂપ છુપાવી દે છે અને જ્યારે તેમની દિવ્ય કૃપાને સમજવા પાત્ર બનીએ ત્યારે તે પ્રગટ થાય છે. આ સ્વરૂપમાં તે મહેશ્વર કહેવાય છે. તેમનું આપણે દિવ્ય નૃત્યકાર નટરાજ તરીકે પૂજન કરીએ છીએ. તેમનાં પાંચ કૃત્યો-સર્જન, પોષણ, વિનાશ, કૃપાને છુપાવવી અને કૃપાને પ્રગટ કરવી- વિશ્વને જીવન બક્ષે છે.

**શુદ્ધ ચૈતન્ય :** આ પરિપૂર્ણતામાં શિવને બધાં સ્વરૂપોમાં રહેલા પવિત્ર પ્રેમ અને પ્રકાશરૂપે અને અનંત બુદ્ધિમત્તા અને સત્તારૂપે બધે જ વ્યાપ્ત માનવામાં આવ્યા છે. તેમનું સચ્ચિદાનંદરૂપે આવાહન કરવામાં આવે છે અને શિવ-શક્તિરૂપે પૂજા-ભક્તિ કરવામાં આવે છે.

**નિરપેક્ષ બ્રહ્મ :** આ પરિપૂર્ણતામાં ભગવાન શિવ નિરાકાર છે. તે કૂટસ્થ (અચળ) અને ગૂઢ છે. તેનું પૂજન શિવલિંગ તરીકે કરવામાં આવે છે.

**શિવલિંગનું મહત્ત્વ**

સંસ્કૃતમાં લિંગનો અર્થ 'ચિહ્ન' થાય છે. આ સંજ્ઞા ઈશ્વરનું ઐક્ય દર્શાવે છે. જ્યારે તમે નદીમાં પૂર જુઓ છો ત્યારે આગલા દિવસે ભારે વરસાદ થયો હશે તેમ નિર્ણય કરીએ છીએ. જ્યારે તમે ધુમાડો જુઓ છો ત્યારે કોઈ ઠેકાણે આગ લાગી હશે તેની જાણ થાય છે. તે જ પ્રમાણે જ્યારે તમે શિવલિંગને જુઓ છો ત્યારે

તમારું મન તરત જ ભગવાન શિવ પર કેન્દ્રિત બને છે અને તમે તેના મહિમા અને મહાનતા વિશે વિચારતા થઈ જાઓ છો.

લિંગ મનુષ્યને તેના મનની એકાગ્રતા સાધવાની શક્તિ પ્રદાન કરે છે એટલા જ માટે પ્રાચીન ઋષિઓએ ભગવાન શિવના મંદિરમાં લિંગની સ્થાપના કરવાનો અનુરોધ કર્યો છે.

પવિત્ર શિવલિંગ મૌનની સ્પષ્ટ ભાષામાં આપણને કહે છે : 'હું અદ્વિતીય છું, હું નિરાકાર છું.' ફક્ત શુદ્ધ, પવિત્ર આત્માઓ જ આ ભાષાને સમજી શકે છે. લિંગ એ નિરાકાર બ્રહ્મનું બાહ્ય પ્રતીક છે.

લિંગના ત્રણ ભાગ હોય છે- નીચેનો ભાગ બ્રહ્માને, વચ્ચેનો ભાગ વિષ્ણુને અને ઉપરનો ભાગ ભગવાન શિવને દર્શાવે છે. સ્ફટિક લિંગ નામનું એક લિંગ છે. તે ક્વાર્ટ્ઝના સ્ફટિકનું બનેલું હોય છે. તેને પોતાનો કોઈ રંગ હોતો નથી. પણ તેની પાસે આવતા પદાર્થનો રંગ તે ગ્રહી લે છે. તે નિર્ગુણ બ્રહ્મનું પ્રતીક છે.

એકનિષ્ઠ સાધક માટે લિંગ એ પથ્થરની શિલા નથી. તે પરમ ઉજ્જ્વળ ચૈતન્ય છે. લિંગ તેની સાથે વાત કરે છે. સાધક તેના પર અશ્રુનો અભિષેક કરે છે. તે સાધકના હૃદયને પીગાળી તેને શરીરની સભાનતાથી ઉપર ખેંચે છે. તે ઈશ્વર સાથે ઐક્ય સાધવામાં મદદ કરે છે. ભગવાન રામે રામેશ્વરમાં શિવલિંગનું પૂજન કર્યું હતું. રાવણ પણ સુવર્ણના લિંગનું પૂજન કરતો હતો.

**વૈશ્વિક નૃત્ય**

ભગવાન શિવ નૃત્યના સમ્રાટ નટરાજ છે. શિવ-તાંડવ જેમાં ભગવાન નટરાજને તેમની પ્રસિદ્ધ નૃત્ય મુદ્રામાં દર્શાવ્યા છે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ આપણું વિશ્વ કેવી રીતે કાર્ય કરે છે તેની ઊંડી સમજણ આપે છે.

ભગવાનના નૃત્યમાં કળા, વિજ્ઞાન અને ધર્મ એકસાથે મળી ગયેલાં છે. જ્યારે આપણી નજર તેમના નૃત્ય પર પડે છે ત્યારે જગત એક સાચા પવિત્ર સત્ત્વ તરીકે દેખાય છે. વિશ્વમાં જે કંઈ બને છે તે તેના દિવ્ય સંકલ્પથી બને છે.

તેમના એક હાથમાં ડમરું છે, તેમાંથી સૃષ્ટિનો ઉદ્ભવ થાય છે. બીજો હાથ વરદ મુદ્રામાં ઊંચો કરેલો છે. તે રક્ષણ સૂચવે છે. ત્રીજા હાથમાં મશાલ છે, જે વિનાશનું ચિહ્ન છે. તેમનો એક પગ અજ્ઞાન તથા અહમ્‌ના અને આત્મા પૂર્ણતા પ્રાપ્ત કરે તે પહેલાંના તેના બંધનના પ્રતીકરૂપ ઠીંગુજી પર મૂકેલો છે. ઊંચો કરેલો બીજો પગ તેમની દૃષ્ટિમાન થતી કૃપા છે, જે વિકસિત આત્માને બંધનમાંથી મુક્ત કરે છે જ્યારે ઠીંગુજી ઊંચે જુએ છે ત્યારે ભગવાન શિવજીનો ચોથો હાથ તેમના પવિત્ર પગ તરફ સંકેત કરે છે કે મનુષ્ય માટે તેમની કૃપા એ જ પરમ આશ્રય છે.

આ વૈશ્વિક નૃત્ય અનંત છે. આખું વિશ્વ અનંત ગતિ અને સક્રિયતામાં સતત પરિવર્તન ન પામતા ફરતા નૃત્યમાં રત છે. આ નૃત્ય એ નાજુક પરમાણુઓને વિશાળ આકાશગંગા સાથે જોડતો વિવિધ શક્તિઓનો અવિરત પ્રવાહ છે.

**શૈવ સંપ્રદાયના મહત્ત્વના મંત્રો**

**૧. પંચાક્ષર મંત્ર :** ૐ નમઃ શિવાય

ૐ સચ્ચિદાનંદ છે. ૐ બ્રહ્મા છે. નમઃ શિવાય એટલે 'ભગવાન શિવને નમસ્કાર'. આ મંત્રમાં પાંચ અક્ષર છે એટલે પંચાક્ષર નામ આપ્યું છે. આ બહુ સમર્થ મંત્ર છે અને મંત્ર કરનારને શ્રેષ્ઠ પરમસુખ આપે છે.

**૨. રુદ્ર ગાયત્રી મંત્ર :**

'ૐ તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ।'

'અમે તે પરમ પુરુષને સ્પષ્ટપણે જાણીએ અને તે મહાદેવનું ધ્યાન ધરીએ. તે રુદ્ર અમને તેમ કરવાની પ્રેરણા આપે!'

**૩. મહામૃત્યુંજય મંત્ર :**

ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્ ।

ઉર્વારુકમિવ બન્ધનાત્ મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્ ॥

'હું તે ત્રણ નેત્રવાળા ભગવાન શિવને પ્રણામ કરું છું, જે સુગંધીદાર છે, જે મનુષ્યોનું પોષણ કરે છે. જેમ પાકું ચીભડું તેના વેલામાંથી છૂટું થઈ જાય છે તેમ મને તે દુનિયાદારીનાં બંધન અને મૃત્યુમાંથી મુક્ત કરે,

હું અમરત્વ પ્રાપ્ત કરું!'

શ્રદ્ધા અને ભક્તિ સાથે નિયમિતપણે આરાધના કરો. તમારી પ્રાર્થના પૂરી થયા પછી સર્વેનાં સ્વાસ્થ્ય, દીર્ઘ જીવન, શાંતિ અને સુખાકારી માટે મહામૃત્યુંજય મંત્રનું રટણ કરો. શિવની સ્તુતિનો આ મંત્ર અદ્‌ભુત કાર્ય કરે છે. તે અકસ્માતોમાં રક્ષે છે, રોગોને મટાડે છે અને દીર્ઘ જીવન અર્પે છે. તે મનુષ્યને દુન્યવી જીવનમાંથી મુક્તિ પણ આપે છે.

ભગવાન શિવ તમને આશિષ અને માર્ગદર્શન આપે.

**શિવ સંપ્રદાયનાં મંદિર**

ખૂબ પ્રસિદ્ધ શિવ મંદિરોમાં દક્ષિણ ભારતના ચિદંબરમ્ શિવ મંદિરનું આગવું સ્થાન છે. પ્રાચીનકાળથી ચિદંબરમ્ ધર્મ અને સંસ્કૃતિનું મહાન કેન્દ્ર રહેલું છે. અહીં નૃત્ય મુદ્રામાં ભગવાન શિવ-નટરાજનું પૂજન થાય છે. દરેક વર્ષના માર્ઘમી (માગશર) માસમાં ચિદંબરમ્‌માં અરુદ્ર દર્શનનો ઉત્સવ ઊજવવામાં આવે છે.

મંદિરના બાંધકામ અને રચનાની દરેક બાબતમાં આધ્યાત્મિક રહસ્ય જોવા મળે છે. જો કોઈ ચિદંબરમ્ મંદિરનાં રહસ્યોને સાચી રીતે સમજી ભગવાનની તીવ્ર શ્રદ્ધા, ભક્તિ, નિર્બળતા અને મનની એકાગ્રતાથી પૂજન કરે તો તે જ્ઞાન અને શાશ્વત પરમસુખ પ્રાપ્ત કરે છે. તે દુનિયાનાં બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.

મંદિરમાં પાંચ ખંડ છે. તેમને સભાખંડ કહેવામાં આવે છે અને તે મનુષ્યના પાંચ કોષોનો ખ્યાલ આપે છે. રાજસભાના ખંડમાં એક હજાર ગ્રેનાઈટના સ્તંભ છે. તે મસ્તકના ઉપરના ભાગમાં આવેલા હજાર પાંદડીવાળા કમળ-સહસ્રારચક્રનો ખ્યાલ આપે છે. રાજસભાની પાસે શિવગંગા તળાવ છે. તે સહસ્રારમાં રહેલા અમૃતના કુંભનો ખ્યાલ આપે છે.

ભગવાન નટરાજની બેઠકવાળા મધ્યસ્થ ખંડમાં ચાર સ્તંભ છે. તે ચાર વેદોનું સૂચન કરે છે. આ ચાર સ્તંભ બીજા અઠ્ઠાવીસ સ્તંભોથી વિંટળાયેલા છે. આ સ્તંભો અઠ્ઠાવીસ શૈવ આગમોની યાદ અપાવે છે.

કનકસભાનો ખંડ સોનેરી ઘુમ્મટવાળો છે. તે હૃદયરૂપી કમળનો ખ્યાલ આપે છે. તેના અઢાર સ્તંભ અઢાર પુરાણ દર્શાવે છે. આ ખંડની પાસે ભગવાન વિષ્ણુનું મંદિર છે. આ આપણને મહત્ત્વનો પાઠ શીખવે છે કે ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુ તાત્ત્વિક રીતે એક છે, માટે આપણે સંકુચિત પંથવાદને તજી દેવો જોઈએ. આપણે વિશાળ હૃદયનો વિકાસ કરી બધાં સ્વરૂપોમાં આપણા ઈષ્ટદેવનાં દર્શન કરવાં જોઈએ.

દક્ષિણ ભારતમાં શૈવ પંથનું પ્રાધાન્ય હોવા છતાં આખા ભારતમાં શૈવધર્મીઓ પથરાયેલા છે. આ બધાં મંદિરોમાં દ્વાદશ જ્યોતિર્લિંગ ખૂબ જાણીતાં છે. તેમનાં સ્થાન ઉપરથી તમે જોઈ શકશો કે આખા ભારતમાં તેમનાં પૂજન-અર્ચન તથા ભક્તિ થાય છે.

સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ ।
ઉજ્જયિન્યાં મહાકાલમ્-ઓમકારમમલેશ્વરમ્ ॥૧॥
પરલ્યાં વૈદ્યનાથં ચ ડાકિન્યાં ભીમશંકરમ્ ।
સેતુબંધે તુ રામેશં નાગેશં દારુકાવને ॥૨॥
વારાણસ્યાં તુ વિશ્વેશં ત્ર્યંબકં ગૌતમીતટે ।
હિમાલયે તુ કેદારં ધુશ્મેશં શિવાલયે ॥૩॥
એતાનિ જ્યોતિર્લિંગાનિ, સાયં પ્રાતઃ પઠેન્નરઃ ।
સપ્તજન્મકૃતં પાપં સ્મરણેન વિનશ્યતિ ॥૪॥

ભગવાન શિવનાં બાર જ્યોતિર્લિંગ આ પ્રમાણે છે :

(૧) ગુજરાત (સૌરાષ્ટ્ર)માં સોમનાથ, (૨) તિરુપતિ નજીક શ્રીશૈલ પર્વતમાં મલ્લિકાર્જુન, (૩) મધ્યપ્રદેશમાં ઉજ્જૈનમાં મહાકાલેશ્વર, (૪) અમલેશ્વરમાં નર્મદાકિનારે ઓમકારેશ્વર-અમલેશ્વર, (૫) ગયામાં (પરલ્યા) વૈજનાથ, (૬) પૂના પાસે ડાકિનીમાં ભીમશંકર, (૭) સેતુબંધ આગળ રામેશ્વર, (૮) દક્ષિણમાં અને કેટલાકના મતે દ્વારકામાં નાગેશ્વર, (૯) કાશીમાં વિશ્વનાથ, (૧૦) હિમાલયના ગઢવાલ જિલ્લામાં કેદારનાથ, (૧૧) ગોદાવરીના મૂળ આગળ નાસિક જિલ્લામાં ત્ર્યંબકેશ્વર, (૧૨) કર્ણાટકના કારવાર જિલ્લાના શિવાલયમાં ધુશ્મેશ.

સવાર-સાંજ આ બાર નામ અને સ્થાન યાદ કરે તેનાં સાત જન્મનાં પાપનો નાશ થશે.

દક્ષિણ હિંદમાં મદ્રાસ ઈલાકામાં પંચભૂતનાં ઘોતક પાંચ પ્રખ્યાત શિવલિંગ છે. (૧) ચિંગલપુર જિલ્લામાં કાંજીવરમ્‌માં પૃથ્વીલિંગ, (૨) ત્રિચિનાપલ્લી જિલ્લામાં તિરુવનકોઈલ ગામમાં જળલિંગ. આ લિંગ સદાય પાણીમાં હોય છે. તિરુવનકોઈલનું બીજું નામ જંબુકેશ્વર છે. (૩) ચિત્તુર જિલ્લાના કાલહસ્તીમાં વાયુલિંગ, (૪) તેજસલિંગ (અરુણાચલેશ્વર) ઉત્તર આર્કોટ જિલ્લામાં વિલુપુરમ્ જંકશન પાસે તિરુવન્નમલાઈમાં છે. (૫) આકાશલિંગ દક્ષિણ આર્કોટ જિલ્લામાં ચિદંબરમ્‌માં છે.

ભગવાન શિવ તમને આશિષ આપે અને તેમનાં મંદિરનાં રહસ્યોને સમજવા માટે સમર્થ હૃદય આપે!

**વીરશૈવ સંપ્રદાય**

વીરશૈવ સંપ્રદાયની ફિલસૂફી પ્રમાણે શિવ અને શક્તિ બંને ભિન્ન નથી પણ એક જ છે. આખું જગત દિવ્યનું પ્રગટ સ્વરૂપ છે. ભગવાન અને તેની સૃષ્ટિ તાત્ત્વિક રીતે એક જ છે. આ દુનિયાને આભાસ ગણવામાં આવતી નથી, પણ ભગવાનના પૂર્ણ નાટક તરીકે લેખવામાં આવે છે.

શક્તિ શિવ સાથે એકરૂપ છે. શક્તિ સક્રિય છે ત્યારે શિવ મૂક સાક્ષી છે. શિવ સ્વપ્રકાશિત, અનંત, શાશ્વત અને સર્વવ્યાપક છે. તે શાંતિના સાગર છે. તેમની શક્તિ સૃષ્ટિમાં કાર્યશીલ થતી દેખાય છે.

દક્ષિણ ભારતના કર્ણાટકમાં વીરશૈવ સંપ્રદાયના લોકો મોટી સંખ્યામાં છે. 'વીર-આગમ' એ તેમનો ખૂબ મહત્ત્વનો ગ્રંથ છે.

બારમી સદીમાં બસવ નામે બહુ પ્રભાવશાળી રાજા કલ્યાણ પર રાજ્ય કરતો હતો. તેણે વીરશૈવ ફિલસૂફીમાં મૂળગામી ફેરફાર કર્યા અને લિંગાયત પંથની સ્થાપના કરી. આ પંથના અનુયાયીઓ એક નાની ચાંદી કે સોનાની ડબ્બીમાં નાનું લિંગ રાખે છે અને ડબ્બીને પાતળી સાંકળ લગાવી ગળામાં પહેરે છે. ખ્રિસ્તી લોકોના ક્રોસનો પણ સમાન આશય છે.

☐ 'યોગના પાઠ'માંથી સાભાર

('જે થાય તે સારા માટે'ની ભેદક દૃષ્ટિ અનુસંધાન પાના નં.૧૧ ઉપરથી ચાલુ)

સર્જવા લાગી પડવું જોઈએ. તમારું જીવન તમારા હાથમાં છે. તમે તમારું જગત રચો છો; તમે તમારું વાતાવરણ બનાવો છો. ઉપનિષદો હંમેશાં કહેતાં આવ્યા છેઃ 'તમારા હૃદયમાં પરમસત્તા-પરમ વાસ્તવિકતા તમારી પોતાની વાસ્તવિકતા હોય તેમ પ્રકાશી રહી છે, આ સત્યના પ્રકાશમાં જીવો.'

તમારા અંતરમાં દિવ્ય ઉપસ્થિતિ પ્રકાશી રહી છે તે અવસ્થાની પૂર્ણ સભાનતાવાળું તમારું અંતઃકરણ રહેવું જોઈએ. એક ક્ષણાર્ધ માટે પણ તમે ઈશ્વરથી કદી દૂર નથી. ક્ષણાર્ધ માટે પણ ઈશ્વર તમારાથી અલગ કે દૂર નથી. તમે તેની સાથે જ જીવો છો; સાથે જ હરો-ફરો છો, તમારું વ્યક્તિત્વ એક જ છે. તમારું મૂળ ઈશ્વરમાં છે.

આ રીતે આ જીવન ગાળો, બાહ્ય જગત તમને શું કરી શકવાનું છે? હરેક પળે ઈશ્વર સાથે સંબંધ રાખો, બાહ્ય વાતાવરણની અસર ન પડવા દો, બધા ઋષિઓ, રહસ્યવાદીઓ દૃષ્ટાઓએ આ મહાન ઉદાહરણ આપણી સમક્ષ રાખ્યું છે. જો તમે ઓળખી શકો તો ગુરુદેવનો આ આશ્રમ તમારી જાતને આધ્યાત્મિક ધન્યતાની સર્વોચ્ચ સ્થિતિએ ઊંચકી લઈ જવા માટે પૂરતી જોઈએ તેટલી તક આપે છે.

તમારા સદ્‌ભાગ્યને તમે ઓળખી શકો તે માટે ઈશ્વર તમારા પર કૃપા કરે. તમારી જે અઢળક સંપત્તિ અને ભંડાર પડ્યાં છે તેને ઓળખવાનું ભગવાન તમને વરદાન આપે. આ સ્પષ્ટ સમજણથી, તમારા પોતાના બળથી જ તમે જાતને ઉત્કૃષ્ટ કરો. આધ્યાત્મિક પરિપૂર્ણતા અને પવિત્રતાની ઉચ્ચોચ્ચ ટોચ પર પહોંચો અને મુક્તિ, શાંતિ અને આનંદની પરમ ધન્યતા હમણાં જ, અહીં જ આ જીવનમાં જ, આ સ્થળે જ પામો!

☐ 'મુક્તિપથ'માંથી સાભાર

# ‘જે થાય તે સારા માટે’ની ભેદક દૃષ્ટિ

શ્રી સ્વામી ચિદાનંદજી

પરમ દિવ્ય સત્તા તથા શાશ્વત, વૈશ્વિક આધ્યાત્મિક દિવ્યતાને પૂજનીય અંજલિ! તમારા સૌ પર તે દિવ્ય સત્તાની કૃપા વરસો. આ દિવ્ય કૃપા તમને અહીં અને અત્યારે જ આ પરમ સત્તા તમારું અંતરતમ કેન્દ્ર છે તેવી સભાનતા આપે. તે સત્તા અલૌકિક, અધિવૈશ્વિક, લોકાતીત, કાલાતીત અને શાશ્વત છે એટલું જ નહિ, પરંતુ તે સદા વર્તમાન સત્તા છે. લોકો કહે છે તેમ તે મન અને બુદ્ધિની પહોંચની બહાર નથી. કારણ તે તમારી અંતઃસ્થ સત્તા છે તથા તમારી જાતનું સારતત્ત્વ છે. તે સૌથી નજીકની વસ્તુ કરતાં પણ વધુ નિકટ છે.

અને આ માનવી અને વસ્તુઓ, પ્રાણીઓ અને વનસ્પતિઓ, પહાડો અને નદીઓ, શહેરો અને ગામડાંઓની બનેલી દુનિયામાં તમે ફાવે ત્યાં જાઓ, તમે હંમેશાં ઈશ્વરમાં જ વાસ કરી રહ્યા હશો. કારણ તે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. તે કણેકણમાં, વસ્તુના દરેક અણુમાં રહેલો છે, જે કંઈ અસ્તિત્વમાં છે તે બધામાં જ તે છે. તે અંતઃસ્થિત ઉપસ્થિતિ છે, તે સર્વ સ્થળે વ્યાપ્ત છે.

જગતના દૂર-સુદૂર ખૂણામાં જાઓ તો પણ તમે તેનામાં જ રહેતા હશો, તેનામાં ફરતા હશો, તમારું વ્યક્તિત્વ તેનામાં રહેલું હશે. માથાના ઉપરના ભાગથી, પગના અંગૂઠાના નખના અંત સુધી તે ભરાયેલો છે. તમે ઈશ્વરમાં રહો છો; ઈશ્વર તમારામાં રહે છે. આ એક જ સત્ય છે. તમારું આખું જીવન દિવ્યતાથી ભરેલું છે; તમારું આખું જીવન દિવ્યતાથી સંતૃપ્ત છે.

વિશ્વ સમસ્ત દિવ્ય તત્ત્વથી ભેદાયેલું છે. આ સત્ય સમજીને જીવવું એટલે જ પ્રભુમાં અહીં અને હમણાં વસવું, આ શરીર છોડ્યા પછી નહિ, કોઈ મૃત્યુ બાદના અસ્તિત્વમાં નહિ. તમારામાં તેજસ્વી, દેદીપ્યમાન તથા કરોડો સૂર્યના તેજથી આંજી દેતો ઈશ્વર વસે છે. શાસ્ત્રોમાં તમારામાં વસતા ઈશ્વરનો આવો ઉલ્લેખ છે. અહીંના હમણાંના તમારા અસ્તિત્વનું કેન્દ્રસ્થ સત્ય તે છે.

તમારા હૃદયમાં ઈશ્વર વિરાજમાન હોય ત્યારે અંધકાર ક્યાંથી હોય? આવા પ્રકાશમાં ઊંઘ ક્યાંથી હોય? તમારી ચેતનામાં તમે જાગી જાઓ અને જાણો કે તમે પ્રકાશથી ભર્યા છો, તમારી અંદર કશો જ અંધકાર નથી, કશી સુષુપ્તિ રૂપ રાત્રી નથી, પણ મધ્ય દિવસની જાગૃતિ છે, તો તમે આધ્યાત્મિક રીતે સચેત, આધ્યાત્મિકપણે જાગૃત રહેશો. તમારા ઉપનિષદ સમયના વડવાઓ ઇચ્છતા કે તમારું અંતર ‘જાગ્રત, ઉત્તિષ્ઠત-જાગો ઊઠો’ સ્થિતિમાં રહે.

પૂજનીય અને પ્યારા ગુરુદેવને ખૂબ ગમતી સાધના આ હતી : તમે સૌ જાગ્રત દિવ્યતા રાખીને હરો-ફરો, જેથી તમે જ્યાં પણ જાઓ ત્યાં તે પ્રસરે, જ્યાં પણ તમે જાઓ ત્યાં તમારી અંદરથી દિવ્યતા રેલાય, આ દિવ્યતા તમારા વિચાર, વાણી અને કર્મ અને તમે જેવું, જેવી રીતનું જીવન જીવો તે દ્વારા પ્રદર્શિત થાય. જ્યારે અને ત્યારે, તે તમને હંમેશાં પ્રવેગિત કરી દેતા, તમને તાજી પ્રેરણા આપી આગળ વધવા જાગ્રત કરતા, કેમ જાણે થપ્પડ મારી તમને જગાડતા ન હોય !

ગુરુદેવ તમે અહીં આશ્રમમાં જે ધીર-ગંભીર જીવન ગાળો છો ત્યાં આવી તકો આપે છે. તમને આધ્યાત્મિકતાના પૂરમાં નવડાવવા આ આશ્રમમાં સેંકડો જિજ્ઞાસુ લોકોને લાવવાના તેઓ પ્રસંગો ઊભા કરે છે, જેથી તમારું આધ્યાત્મિક જીવન ફરી ઝળહળતું જાગ્રત સચેત અને ગતિશીલ બને.

અસુવિધાની દૃષ્ટિએ જોવા કરતાં આ દૃષ્ટિએ કેમ ન લેવું? પ્રસંગોને નકારાત્મક તથા નકામા સમજવા કરતાં ખૂબ મોટા સૌભાગ્યદાયક કેમ ન ગણવા? અહીં આવનારા ફક્ત મહેમાનો નથી. તેઓ ભક્તો છે, સાધકો છે, ભગવદ્‌ભક્તો-ભગવદ્

પ્રેમીઓ છે, તમારી માફક આધ્યાત્મિક સિદ્ધિ માટે સંઘર્ષ કરતા લોકો છે એટલે તેઓ તેમના દુન્યવી વાતાવરણમાંથી મુક્ત થઈ, આધ્યાત્મિક વાતાવરણમાં થોડા સમય રહી ઉદાત્તતાનો લાભ મેળવવા, તેઓ એકાદ-બે અઠવાડિયાં અહીં આવે છે. તેમનાં હૃદય અને મનમાંથી ઉદ્ભવતાં આધ્યાત્મિક સ્પંદનો, તેમ જ તેમની મહત્ત્વાકાંક્ષાઓથી, તેમનાં વૈરાગ્ય અને વિવેકનાં સ્પંદનોથી આ આશ્રમને ભરી દે છે.

તેઓ તેમની હાજરીથી આ આશ્રમનાં આધ્યાત્મિક સ્પંદનોમાં ઉમેરો કરે છે અને તેથી ગુરુદેવના આધ્યાત્મિક સાંનિધ્યમાં જેઓ અહીં કાયમી રહે છે તેમને આ પ્રસંગોના ગાળામાં આ સમયમાં જાણે કે મિજબાની મળે છે, સામે આશીર્વાદની વિશિષ્ટ વર્ષા પણ મળે છે. આપણે જે રીતે કરી શકીએ તેમ સેવા કરવાની તક આપણને મળે છે, આગળ આવીને તેમને મદદરૂપ થઈ શકીએ છીએ. નિઃસ્વાર્થ સેવા કરી આપણી જાતને ઉદાત્ત કરી પવિત્ર થઈ શકીએ છીએ. ઉપનિષદો કહે છે કે જો કોઈ આપણને પરોપકાર (નિઃસ્વાર્થ સેવા) કરવા તક આપે તો તે ઈશ્વર છે. અતિથિ આપણને અનુકૂળ થતાં ગોઠવાઈ જતાં અને નભાવી લેતાં શીખવતા હોવાથી આપણા તે ઉપકારક છે. ગુરુદેવે કહ્યું છે કે, અનુકૂળ થવું અને ગોઠવાઈ જવું એ સર્વોચ્ચ સાધના છે.

ઉપર બતાવી તે વિધાયક દૃષ્ટિ, સર્જનાત્મક દૃષ્ટિ તમને જે કંઈ થાય, તમારી સાથે જે કંઈ બની જાય તેથી તમારું આધ્યાત્મિક જીવન પુષ્ટ થશે. જો તમે આવી ખરી, સકારાત્મક, વેધક દૃષ્ટિથી જે કંઈ તમારી સાથે થાય તેને જોશો તો તમારા માટે તે લાભદાયક બાબત બની રહેશે. તમારા માટે દરેક બાબત આશીર્વાદ બનીને જ આવે છે. તમારા આધ્યાત્મિક જીવનને વધુ પુષ્ટ કરનાર તથા તેની આધ્યાત્મિક ગુણવત્તાને ઉચ્ચતર કરનાર હોય છે. આ દૃષ્ટિથી બધી બાબતો તરફ તમારે જોવું જોઈએ, તેને સમજવી, પકડવી જોઈએ અને તેની મદદથી ઉચ્ચ તરફ ગતિ કરવી જોઈએ. એ તો હકીકત છે કે તમે અહીં એશઆરામની, સગવડતાભરી બાહ્ય શારીરિક અને ભૌતિક જિંદગી ગાળવા નથી આવ્યા પણ આધ્યાત્મિક જીવન વ્યતીત કરવા આવ્યા છો. તમે અહીં જે જીવન જીવવાના છો તેમાં તપશ્ચર્યા એક અનિવાર્ય અંગ છે.

સર્જનના ઉષઃકાળથી માંડીને બધાં આધ્યાત્મિક જીવનના સંદર્ભમાં, પરંપરા ગમે તે હોય પણ તપસ્યા, આત્મનિગ્રહ, પશ્ચાત્તાપ, દેહદમનને મહત્ત્વ આપેલું જ છે. તે શક્તિપ્રદ પરિબળ છે, એ અસલી અને વિશ્વાસપાત્ર આધ્યાત્મિક જીવનનું એક અનિવાર્ય પરિબળ રહ્યું છે. આ એક સમજુ અને બૌદ્ધિક તપ અને પ્રાયશ્ચિત્ત છે, ગાંડી અને અતાર્કિક દેહદમનની રીત નથી.

જો તમે આ દૃષ્ટિએ જોતાં શીખો, આ દૃષ્ટિને અપનાવતાં શીખો, આ દૃષ્ટિથી સમજી-સ્વીકારવા લાગો, આ દૃષ્ટિએ તેનો ઉપયોગ કરો તો ગુરુદેવનો આ આશ્રમ તમારા જીવનને ઉન્નત બનાવવા માટે અમૂલ્ય તક પૂરી પાડે છે. પછી તમે વિજેતા થશો. તમે વિજય મેળવશો. તમે ખરા યોગી થશો. તમે સાચા ભક્ત ગણાશો.

આધ્યાત્મિક જીવન માટે બાહ્ય વાતાવરણ મહત્ત્વનું અંગ નથી, પણ તમે જે આંતરિક વાતાવરણ સર્જી શકો છો તે મહત્ત્વનું છે. તમે જો એવું આંતરિક વાતાવરણ ઉદ્યમપૂર્વક સર્જવામાં સફળ થાઓ કે જેના પર બાહ્ય વાતાવરણની અસર ન થાય, આસપાસની અસર ન થાય તો તમે આધ્યાત્મિક જીવનનું રહસ્ય જાણ્યું ગણાય. તમે તે આંતરિક વાતાવરણમાં અક્ષુબ્ધપણે, બાહ્ય વાતાવરણની અસર સિવાય જીવી શકશો. તમારા પોતાના વ્યક્તિત્વના આંતરિક પરિમાણમાં, ઈશ્વરમાં જીવશો. તમે સ્વર્ગના સામ્રાજ્યમાં જીવશો.

માટે આ સ્પષ્ટપણે, બુદ્ધિપૂર્વક સ્વીકારવાનું છે. તમારે આ એકસો ટકા આંતરિક વાતાવરણ

**(અનુસંધાન પાના નં.૯ ઉપર)**

# મનાચે શ્લોક (મનોબોધ)

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**સદા રામનામ મેં વદા પૂર્ણકામેં**
**કદા બાધિજેનાપદા નિત્યનેમેં ।**
**મદાલસ્ય હા સર્વ સોડૂનિ ધાવા**
**પ્રભાતે મનીં રામ ચિંતિત જાવા ॥૭૦॥**

પૂર્ણકામ એવા રામના નામમાં સદા રમ્યા કરો અથવા પૂર્ણકામથી અત્યંત પ્રીતિ અને પરમ આદરથી શ્રીરામનામમાં રમણ કરો. આથી કોઈ પણ જાતની પછી આપદા કદી પણ બાધ કરી શકશે નહિ. નામસ્મરણ કરવામાં મદ અને આળસ અવરોધ કરનારાં હોવાથી તેનો ત્યાગ કરવો અને પ્રભાતે શ્રીરામનું ધ્યાન કરવું.

શ્રુતિએ કહ્યું, હરેર્ નામેવ હરેર્ નામેવ હરેર્ નામેવ કેવલમ્ । ક્લૌ નાસ્ત્યૈવ નાસ્ત્યૈવ નાસ્ત્યૈવ ગતિર્ અન્યથા ॥ હરિનું જ એકમાત્ર નામ આ કલિયુગમાં જીવન આધાર છે; તેના વગર જીવન ઉત્કર્ષ અભ્યુદયની બીજી કોઈ ગતિ નથી.

જીવન એક યોગ છે. પરમ મંગલનો રાજમાર્ગ એટલે જ જીવન. આ જીવનયોગના માધ્યમથી જ જીવનના સત્ય અને જીવનની પ્રાપ્તિ થઈ શકે.

સંત રામદાસજી કહે છે, શ્રીરામનામનું પાથેય જીવનપાથેય બની શકે છે.

પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજી રામમય જીવન જીવ્યા અને શ્રીરામસ્મરણ સાથે દેહ છોડ્યો. તેમણે રામનામનો મહિમા વધાર્યો. સમગ્ર દેશમાં શ્રીરામનામને ગુંજતું કર્યું. રાજનીતિમાં અનેક લોકો હોય છે, અનેક લોકોની હત્યા થઈ છે, પરંતુ મૃત્યુંજય કેટલા થયા, તેઓ જે રામમય જ જીવન જીવે. 'જાગત રામહી, સોવત રામહી સપને મેં દેખ્યો રાજા રામ હી.' આ રામમય જીવન જ જીવન ઉત્કર્ષ અને અભ્યુદયનો રાજમાર્ગ છે.

મહર્ષિ કવિ વાલ્મીકિ, સંત નારદમુનિ, બંગાળના સુપ્રસિદ્ધ રામભક્ત કવિ કૃતિવાસ કે તમિળ ભાષાભાષી મહાકવિ કંબે પણ શ્રીરામગુણ ગાયન કરીને જીવન સમૃદ્ધ અને સાર્થક કરેલ છે.

**સદા રામનું નામ લે પૂર્ણ કામે,**
**ન બાધે કદી આપદા નિત્ય નેમે;**
**મદાલસ્ય એ સર્વ તું છોડી દેજે,**
**પ્રભતિ મને રામને ચિંતવી લે ॥૭૦॥**

હજારો વર્ષથી રામકથાનું ગાયન અગણિત વક્તાઓ કરતા આવ્યા છે અને શ્રોતાઓ સાંભળતા આવ્યા છે, છતાં દરેક વખતે શ્રીરામકથાએ શ્રીરામના પવિત્ર નામનાં શ્રવણે માનસિક શાંતિ જ અર્પી છે અને જીવનનો ઉદ્વેગ દૂર જ કર્યો છે.

મૃત્યુ પછીની સ્મશાનયાત્રામાં 'રામ નામ સત્ય હૈ'ની હાકલ જીવનકવનનાં સત્યને યુગોથી ઉજાગર કરતી આવી છે. જ્યારે જ્યારે શ્રીરામકથાના હૃદયનો વિચાર કરીએ ત્યારે સંત તુલસીદાસની સંવેદના નજર સમક્ષ પ્રત્યક્ષ થાય છે.

**'તબ લગ કુશલ ન જીવ કહેં, સપનેહું મન વિશ્રામ,**
**જબ લગ ભજત ન રામ કહેં, સોક ધામ તજી કામ'**

સર્વ દુઃખોનું મૂળ કામના છે. એ છોડીને માણસ આતમરામમાં લીન ન બને ત્યાં સુધી જીવનું કલ્યાણ નથી અને તેના મનને સ્વપ્ને પણ વિશ્રાંતિ નથી.

વિજ્ઞાનના વિકાસ સાથે આપણાં શારીરિક સુખ અને સાધનો વધ્યાં છે. સુખ નથી વધ્યું. વિજ્ઞાનને કારણે મનનો વેગ વધ્યો છે. મનના તરંગો અને વાસનાઓની તૃપ્તિ માટેની આંધળી દોટ વધી છે. શાંતિનો લોપ થયો છે. અશાંતિ વધી છે. ઈર્ષ્યા, દ્વેષ અને વેરઝેર વધ્યાં છે. સંઘર્ષ વધ્યો છે. સરળતા, પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા અને ત્યાગનો હ્રાસ થયો છે. વિવેકબુદ્ધિનો લોપ થયો છે. માટે જ તુલસી કહે છે,

**'બિનુ સતસંગ વિવેક ન હોઈ, રામકૃપા બિનુ સુલભ ન સોઈ,**
**સતસંગત મુદમંગલમૂલા, સોઈ ફલ સિદ્ધિ સબ સાધન ફૂલા.'**

રશિયાના સુપ્રસિદ્ધ તત્ત્વવિદ બારાન્નિકોવની સમાધિ ઉપર રામાયણની ચોપાઈઓ કોતરવામાં આવી છે. તેમણે રશિયન ભાષામાં રામચરિતમાનસનો સમશ્લોકી અનુવાદ દસ વર્ષની તપસ્યાના અંતે કરેલો.

પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીએ તેમના રામનામના મહિમાના લેખમાં કહ્યું, 'જે લોકો હૃદયથી શ્રીરામ નામનું સ્મરણ કરતા રહે છે તેમને તપ અને સંયમ સહેલાં થઈ જાય છે. તેનું જીવન સરળ અને સહજ બની જાય છે. તે સર્વત્ર વિશ્વપ્રેમથી સભર વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાસભર જીવન યાપન કરે છે. તેને મન સર્વત્ર રામ વસતો હોઈ તે સર્વત્ર રામને જ દેખતો હોઈ તેને પારકાં અને પોતાનાં એવો ભેદ રહેતો નથી, તે બીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી થાય છે. તે શાશ્વત શાંતિનો ઉપભોક્તા બને છે.'

માટે જ ગુરુ નાનકદેવ કહે છે, 'નાનક રામનામ જહાજ હૈ... ચઢે સો બેડા પાર' રામનું નામ તો ભવસાગર પાર કરવાનું અમોઘ સાધન છે. 'રામ નામ ચઢતી કલા' જેમણે શ્રીરામનામનો આશ્રય લીધો છે, તેનું જીવન પ્રતિપળ શુકલ પક્ષના ચંદ્રમાની જેમ આનંદ અને શાંતિથી પ્રકાશમય જ થતું રહે છે.

શ્રીરામચરિતમાનસના બાલકાંડના પ્રારંભમાં જ તુલસી કહે છે,

**સીતારામગુણગ્રામપુણ્યારણ્યવિહારિણો ।**
**વંદે વિશુદ્ધવિજ્ઞાનૌ કવિશ્વરકપીશ્વરૌ ॥**

શ્રી સીતારામના ગુણોના સમૂહરૂપી ઉપવનમાં વિહાર કરનારા પરમ જ્ઞાની મહાકવિ વાલ્મીકિ અને મહાકપિ શ્રી હનુમાનને હું વંદન કરું છું.

'શ્રી સીતારામના ગુણોનું ઉપવન' એક અદ્‌ભુત ઉપમા. આગળ ઉપર કહ્યું, 'મંગલ ભવન અમંગલ હારી' આ શ્રીકૃષ્ણ ગુણગાન જેવું અધરં મધુરં જેવી ભાવના છે. શ્રીરામ મંગળમય છે. તેથી તુલસી આ મંગળ શબ્દનો ઉપયોગ કરવામાં ઉમળકો દેખાડતા જ રહ્યા છે. 'મુદ મંગલમય સંત સમાજુ' શ્રી પ્રભુના નામ સાથે મંગળ નામનું ઉચ્ચારણ કરતાં જ શ્રીતુલસીને સમાધિ લાગી જાય છે. તેમનું શ્રીરામદર્શન સર્વત્ર પરબ્રહ્મનું દર્શન છે. માટે જ તુલસી કહે છે,

**'જો આનંદ સિંધુ સુખરાસી, સીકર તેં ત્રૈલોક સુયાસી,**
**સો સુખ ધામ રામ અસ નામા, અખિલ લોકદાયક બિસ્રામા.'**
(બાલકાંડ)

જે આનંદના સાગર છે, જેના સ્મિતના એક બિંદુથી ત્રણેય ભુવન આનંદમય બની જાય છે. જે સુખનાં ધામ છે એવા આ મોટા પુત્રનું નામ 'રામ' રાખવું. તે સમસ્ત જગતના વિશ્રામ-વિસામારૂપ બનશે. માટે જ શ્રીરામના પ્રાકટ્ય સમયે તુલસી કહે છે, 'ભયે પ્રકટ કૃપાલા દીનદયાલા' પ્રભુ શ્રીરામ તો કૃપાળુ છે, દીનદયાળ છે. તેથી જ સંત શ્રીરામદાસજીનું કથન છે, શ્રીરામનામના પાથેયનું જીવનમાં જીવનપાથેય કરો. મદ આળસ છોડી, શ્રીરામને ભજો, ભવસાગર પાર કરો. ૐ શાંતિ. (ક્રમશઃ)

**(ઈશ્વરના સાક્ષાત્કારની અનિવાર્ય આવશ્યકતા અનુસંધાન પાના નં.૧૪ ઉપરથી ચાલુ)**

મને શાંતિ નથી મળતી ને ચેન નથી પડતું. હું બેચેન બનીને ફર્યા કરું છું. મને ભોજન નથી ભાવતું ને ઊંઘ પણ નથી આવતી તો મારી સ્થિતિનો વિચાર કરીને તમે જ્યાં હો ત્યાંથી મારી પાસે વહેલી તકે આવી પહોંચજો. તમે લક્ષ્મીના સ્વામી છો એટલે પૈસા મોકલવાનો તો પ્રશ્ન જ નથી, પરંતુ તમે આટલો વખત રહ્યા તેને માટે જ્યારે મળશો ત્યારે ઠપકો નહિ આપું.

**માત્ર કલ્પના**

એવા પ્રેમ વિના ઈશ્વરનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે? મીરાં, રામકૃષ્ણ પરમહંસ ને ચૈતન્ય મહાપ્રભુમાં એવો પ્રેમ પ્રગટેલો. બાકી સામાન્ય માણસે તો એની કલ્પના જ કરવાની રહે છે એટલે એમનો સાક્ષાત્કાર પણ એને માટે કલ્પના જ રહે છે ને વાસ્તવિકતા નથી બનતી.

ધ્યાનની ઊંડી દશામાં પણ ઈશ્વરદર્શન થઈ શકે છે પણ તે અનુભૂતિ માટે પણ ઈશ્વર તથા સાધના માટેનો ઉત્કટ પ્રેમ તો જોઈશે જ. તેના સિવાય મનોરથ સફળ નહિ જ થવાય.

☐ 'પ્રભુ પ્રાપ્તિનો પંથ'માંથી સાભાર

# ઈશ્વરના સાક્ષાત્કારની અનિવાર્ય આવશ્યકતા

**શ્રી યોગેશ્વરજી**

ઈશ્વરનો સાક્ષાત્કાર કાંઈ એમ ને એમ થાય છે કે? એને માટે સૌથી પહેલી, મૂળભૂત અથવા અનિવાર્ય આવશ્યકતા ઈશ્વરને માટેના પ્રબળ પ્રેમની છે. એવો પ્રેમ ના પ્રગટે ત્યાં સુધી ઈશ્વરનાં દર્શન કે સાક્ષાત્કારની આશા ના રાખી શકાય. એવો પવિત્ર, પ્રખર ને સતત પ્રેમ જ ઈશ્વરની પાસે પહોંચાડી શકે તેમ છે. એ પ્રેમનું સ્વરૂપ કેવું હોય છે તે જાણો છો? અનિર્વચનીય. એટલે કે વાણીથી વ્યક્ત ના કરી શકાય તેવું. વાણી દ્વારા જે વ્યક્ત થાય છે એ તો એનો આછોપાતળો આભાસ જ હોય છે. ખરી રીતે તો એ અનુભવની વસ્તુ છે. એવો પ્રેમ પ્રગટે ત્યારે જ ધાર્યું કામ થઈ શકે.

### પ્રબળ પ્રેમ

પ્રેમનો પ્રવાહ મનુષ્યના જીવનમાં પેદા નથી થતો એવું થોડું છે? જીવનમાં પ્રેમનો પ્રવાહ પેદા તો થાય છે જ, પરંતુ એની દિશા જુદી હોય છે. જુદી એટલે કે સાંસારિક. સાંસારિક વસ્તુઓને લક્ષ્ય કરીને પ્રેમનો એ પ્રવાહ હંમેશાં પ્રબળમાં પ્રબળરૂપે વહેતો હોય છે અને કેટલીક વાર તો આશ્ચર્યચકિત કરી નાખે એવી રીતે પણ વહેતો હોય છે. પ્રેમના એ પ્રવાહને બાહોશ ઇજનેર બનીને ઈશ્વરની દિશામાં વાળવામાં આવે તો ઈશ્વરનો સાક્ષાત્કાર દૂર ન રહી શકે. પુરાણકાળમાં ભગીરથે સ્વર્ગલોકમાં વહેનારી ગંગાને પોતાના પિતૃઓના ઉદ્ધારની ઇચ્છાથી જેમ મૃત્યુલોકમાં વાળીને વહેતી કરી તેમ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની તમન્નાવાળા પુરુષે પ્રેમની ગંગાને સંસારના વિવિધ વિષયોમાંથી પાછી વાળીને ઈશ્વર તરફ વહેવડાવવી પડશે. એ પ્રેમ જ્યારે ઉત્કૃષ્ટ બનશે ત્યારે એના પરિણામરૂપે વ્યાકુળતા પેદા થશે. ઈશ્વરનાં દર્શનને માટે અંતર અધીરું બનશે અને ઈશ્વર સિવાય બીજું કશું જ નહીં ગમે. અંતરની દુનિયામાં એવા ઉષઃકાલનો આવિર્ભાવ થવાથી ઈશ્વરના સાક્ષાત્કારરૂપી સૂર્યોદયને થતાં વાર નહીં લાગે.

### ઊંઘ નથી આવતી

એ પ્રેમની કલ્પના કરવામાં મદદ મળે એ માટે એક નાનોસરખો દાખલો આપું. કોઈ વાર કોઈનો છોકરો ખોવાય છે ત્યારે છાપામાં જાહેરખબર આવે છે. એમાં આવી જાતનું લખાણ લખ્યું હોય છેઃ

ચિ. ભાઈ જનાર્દન,

તું ઘરમાંથી કોઈને કશું કહ્યા વિના અચાનક ક્યાંક જતો રહ્યો છે ત્યારથી તારી બા ખૂબ જ કલ્પાંત કરે છે. એણે ખાવાનું પણ છોડી દીધું છે. મારી તબિયત પણ બગડી ગઈ છે અને મને ઊંઘ નથી આવતી. તો તું જ્યાં હોય ત્યાંથી તરત ઘેર પાછો આવી જજે. પૈસા જોઈતા હોય તો મંગાવજે. તું જતો રહ્યો એટલા માટે તને કોઈ ઠપકો નહિ આપે.

### આવો છે પ્રેમ

જોયું ને? છોકરો ઘેરથી જતો રહ્યો છે તેમાં માબાપની દશા કેટલી બધી કરુણ થઈ ગઈ છે? એમને રડવું આવે છે, ખાવાનું નથી ભાવતું અને ઊંઘ પણ નથી આવતી. સંસારનો પ્રેમ એવો છે એટલે એવું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. એવી સ્થિતિ સાવ સ્વાભાવિક છે, પરંતુ પરમાત્મા માટે કોઈને એવો પ્રેમ થયો અને એવી જાહેરખબર આપવાનું કે એવો પ્રેમપત્ર લખવાનું મન થયું? એવી જાહેરખબર કદાચ કોઈ છાપું નહિ લે અને એવો પ્રેમપત્ર પણ કોઈયે પોસ્ટ-ઓફિસ પહોંચતો નહિ કરી શકે : એ તો પોતાના અંતરમાં જ લખવો પડશે, છતાં પણ એને લિપિબદ્ધ કરવાની ઇચ્છા કોઈને થઈ ખરી? પરમાત્માને એવી રીતે કોણે પ્રેમપૂર્વક લખ્યું કે કહ્યું કે હે મારા પ્રિયતમ પરમાત્મા! ન જાણે કેટલાય વખતથી તમે મને છોડીને ચાલ્યા ગયા છો. તમે ગયા છો ત્યારથી

**(અનુસંધાન પાના નં.૧૩ ઉપર)**

# ભક્તિ અને ભક્તોના વિવિધ પ્રકાર

**શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી**

ભક્તિ વિશે અનેક ચિંતકોએ શું વિચાર્યું છે તેનું આપણે થોડુંક અવલોકન કરીએ. શ્રી પ્રહ્લાદે આપણી સમક્ષ ભક્તિના નવ પ્રકાર મૂક્યા. જુદા જુદા લોકો પોતપોતાની દૃષ્ટિથી ભક્તિનું વર્ગીકરણ અનેક પ્રકારથી કરતા રહ્યા છે. વસ્તુતઃ ભક્તિ એટલે પરમાત્મા તરફ સંપૂર્ણ આસક્તિ, ભગવાનમાં પ્રેમપૂર્ણ આસક્તિ જ ભક્તિ છે. તે વાત બધાંને ગ્રાહ્ય છે. હવે તેના જે અનેક પ્રકાર છે તે દરેકની પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે હોય છે.

ગંગાજીનો પ્રવાહ હિમાલયથી વહેતો આવે છે. પ્રવાહને જોનારા લોકો ભિન્ન ભિન્ન પ્રકૃતિના હોય છે એટલે તેઓ પોતાની ભિન્ન ભિન્ન દૃષ્ટિથી પ્રવાહનું વિશ્લેષણ કરે છે. કોઈ તેના જળને ખેતીના ઉપયોગ માટેના વિચાર કરશે, કોઈ તેનો અને ભૂકંપનો શું સંબંધ છે તે વિચારશે, કોઈ એવું પણ વિચારશે કે જળ તો સરસ છે પણ તે પીવા યોગ્ય હશે કે કેમ? ગંગાજીનો પ્રવાહ તો એક જ છે, છતાં પ્રવાહનું વિશ્લેષણ દરેક વ્યક્તિ પોતાના દૃષ્ટિકોણથી કરે છે. તે કોઈ દૃષ્ટિકોણને ઠીક અને કોઈને ખોટો કહેવાની આવશ્યકતા નથી. એવું વિચારવું કે કહેવું ઉચિત લાગતું નથી.

પ્રથમ આપણે આ વર્ગીકરણોને સમજવાં જોઈએ. શ્રી પ્રહ્લાદજીએ જે રીતે વર્ગીકરણ કર્યું તે આપણે જોયું. આ પ્રકારનું વિશ્લેષણ કરનાર તેઓ એકલા જ નથી. શ્રીમદ્ ભાગવતમાં પણ બે સ્થળે ભક્તિનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ભગવદ્ગીતાથી અંદરનું સમજવામાં સહાયતા મળે છે. આપણી ભક્તિની સમજ વધુ સારી રીતે થઈ શકે છે. ભક્તિ શ્રેષ્ઠ સ્તરની કેવી હોય અને સામાન્ય સ્તરની કેવી હોય તેની ઓળખાણ થઈ જાય છે. જો આપણે ભક્તિનું આ પ્રકારે વિશ્લેષણ કરી તેને આત્મસાત્ કરીએ તો બીજાઓની વાત જવા દઈએ, પણ આપણા સાધનનું કેટલીક માત્રામાં સાચું મૂલ્યાંકન કરી શકીશું.

શનિવાર-મંગળવારે હનુમાનજી અને શનિ મહારાજને લાડુ અને તેલ ચઢાવીને પોતાને ભક્તરાજ માની લેવું એ ભક્તિ છે કે ભક્તિ કરતાં બીજાની કંઈની પણ અપેક્ષા છે તેને સમજ્યા વગર માનવ ગૌણ ક્રિયાઓમાંથી બહાર નીકળી શકતો નથી. ગંગાજળની કાવડ ઉપાડીને ચાલનાર એમ વિચારે છે કે હું જ ભક્તિ કરી રહ્યો છું અને એક વ્યક્તિ જે એક સ્થળે બેસી માળા ફેરવતો હોય તેને સામાન્ય માને તો તે મૂલ્યાંકન ખોટું હોઈ શકે છે. પોતાના સાધનનું પણ મૂલ્યાંકન કરતી વખતે આ બધી બાબતો જાણવી આવશ્યક છે. ભક્તિની યોગ્ય સમજણ માટે આ બધાં વિવિધ વિશ્લેષણ આપણા માટે ઉપયોગી છે.

**ભક્તિના ચાર પ્રકાર :**

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન કપિલે માતા દેવહૂતિને ભક્તિના ચાર પ્રકાર બતાવ્યા છે. તેઓ કહે છે : 'મા, કેટલાકની ભક્તિ તામસી હોય છે, કેટલાકની રાજસ, કેટલાકની સાત્ત્વિક અને કેટલાક લોકોની ભક્તિ નિર્ગુણ હોય છે. ગંગાનો પ્રવાહ વહી રહ્યો છે. જો કોઈ પ્રવાહમાં સ્નાન કરતો હોય એટલે આપણે ભગવાનની પૂજા માટે જળ ભરવું હોય તો વિચાર કરીને ત્યાંથી જળ ન ભરતાં સહેજ ઉપરવાસ જઈને જળ ભરીએ છીએ. ગંગાજી તો તે જ છે, છતાં તેના પ્રવાહમાં થોડોક ફેરફાર કરી લઈએ છીએ. તે જ પ્રમાણે ભક્તિનો પ્રવાહ વહી રહ્યો છે તેમાં પણ થોડાં થોડાં અલગ સ્તર કેવી રીતે થાય છે તે જોઈએ.

**(ક) તામસ ભક્તિ :** ભગવાન કપિલ કહે છે, મા કેટલાક લોકો ભક્તિ તો કરે છે, તેમાં ભગવાન પ્રત્યે આસક્તિ પણ છે, ભગવાનના શરણમાં જ ગયેલા છે, પણ ઉદ્દેશ કંઈક જુદો છે. એક વ્યક્તિએ પોતાના ઘરમાં સુંદરકાંડનો પાઠ કરાવ્યો અને ઘણા માણસોને નિમંત્રણ આપ્યું. વિદ્વાન બ્રાહ્મણોને પાઠ માટે બોલાવ્યા. હવે જ્યારે તેને સંકલ્પ સમયે આ સુંદરકાંડનો પાઠ શા માટે કરાવ્યો તે પૂછવામાં આવ્યું તો ઉત્તર મળ્યો કે 'મારા ભાઈની સામે મારો કોર્ટમાં મુકદ્દમો ચાલી રહ્યો છે અને તે મુકદ્દમામાં મારે જીતવું છે.' પછી પૂછવામાં

આવ્યું કે મુકદ્દમામાં તમારી વાત સાચી છે કે ભાઈની વાત?' 'ના, સાચી વાત તો તેની છે, પણ મારે મુકદ્દમામાં જીતવું છે' આવો જવાબ મળ્યો.

હવે મારો પ્રશ્ન એ છે કે ખૂબ સારા લાડુ ચઢાવીને, ખૂબ વધુ દક્ષિણા વહેંચીને, ખૂબ સારા લોકોને આમંત્રિત કરીને સુંદરકાંડનો પાઠ ખૂબ સરસ રીતે કરાવ્યો તો તેને ભક્તિ કહેવાય કે નહિ? સાદો પ્રશ્ન છે, તે ભક્તિ તો છે, અરે તે ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે કરવામાં આવ્યું છે. સારી રીતે ધ્યાનમગ્ન પણ થયા હશે. સકામ લોકો લાંબો સમય ધ્યાનમગ્ન રહી શકતા નથી, કારણ કે તેમને તો લાડુ જોઈએ. હવે તે ધ્યાનમગ્ન થઈ આરતી ઉતારે છે. બધો વિધિ પ્રેમપૂર્વક કરે છે, શું તે ભક્તિ કરી રહ્યો છે કે નહિ? તે ભગવાનના શરણમાં આવ્યો છે કેમ? તે ભક્તિ તો કરી રહ્યો છે, પણ તેની અંદર દંભ છે, મત્સર છે, બીજાને આગળ ન આવવા દેવાનો ભાવ છે. એટલે તે તામસ ભક્તિ થઈ. તેમાં હિંસાની પ્રવૃત્તિ થાય છે. કોઈને પરાભૂત કરવો, કોઈને ખરાબ વચનોથી દુઃખી કરવો, તેને પીડા કે કષ્ટ આપવું તે બધું હિંસા જ છે. આ પ્રકારના ઘણા આધારોને લઈને જે ભજન કરી રહ્યો છે-પછી ભલે તે કાલી માતાનું ભજન કરે, ભૈરવજીનું કરે કે હનુમાનજીનું કરે અથવા જે કોઈ દેવતાનું કરે-તે કરી રહ્યો છે ભક્તિ, પણ તેમાં હિંસાની પ્રધાનતા છે, દેખાવ કરવાની પ્રધાનતા છે.

લોકો ભગવાનના નામનું જાગરણ પણ કેટલા જોરશોરથી કરે છે, તેમાં ભગવાનના કોઈ સ્વરૂપનું ધ્યાન હોતું નથી. પૈસા આપીને બોલાવેલા તે લોકો મોટેથી બરાડા પાડીને ગાય છે, તેમનું પણ ધ્યાન ફક્ત તે ગાવામાં જ હોય છે. બીજા લોકોનું ધ્યાન તો જાગરણમાં કોણ આવ્યું, કોણ નથી આવ્યું, તેના ઘેર જાગરણ માટે ખાસ કહેવરાવ્યું હતું, છતાં કેમ ન આવ્યો વગેરે બાબતો પર હોય છે. તેને ભક્તિ કહીશું કે નહિ? તેને ભક્તિ કહેવી જ પડે છે, કારણ કે તે ઈશ્વર તરફ શ્રદ્ધાથી કરેલો આસક્તિપૂર્ણ અને વિનમ્ર વહેવાર છે, આ ભક્તિ તામસ છે.

### (ખ) રાજસ ભક્તિ

કેટલાક લોકો એવા હોય છે, જેઓ બીજાનું ખરાબ ઈચ્છતા નથી, દેખાવ પણ કરવા ઈચ્છતા નથી, પરંતુ પોતાનું સારું થાય તેમ અવશ્ય ઈચ્છે છે. તેમની એવી ઈચ્છા હોય છે કે ભક્તિ કરીને પોતે માલામાલ થઈ જાય. અહીં હિંસાનું સ્થાન નથી. બીજાનું ખરાબ કરવાની ઈચ્છા નથી, પણ પોતાનું ભલું થાય એવી ઈચ્છા છે, 'સુખ સમ્પત્તિ ઘર આવે, કષ્ટ મિટે તન કા' આ પ્રકારની ભક્તિ કરનારા પુત્ર-પૌત્ર, ધન-ધાન્ય, આયુ-આરોગ્ય, સંતતિ-સમ્પતિ આ બધું પ્રાપ્ત કરવાના હેતુ માટે કરાતી ભક્તિ કરતો ભક્ત તામસ ભક્તથી ઉચ્ચતર છે. તે વિચારે છે કે લક્ષ્મીજીની કૃપા વગર કંઈ વળવાનું નથી અને નારાયણ વગર લક્ષ્મી આવતાં નથી એટલે તે સત્યનારાયણની કથા પણ કરાવે છે. તે કંઈ ખોટું તો નથી જ કરી રહ્યો? મનુષ્યના જીવનની સફળતા માટે સાધનોની જરૂર અને સાધનો પ્રાપ્ત કરવા માટે સમ્પત્તિ જોઈએ તે માટે મનુષ્યે ભગવાનનાં ચરણ પકડવાની જરૂર છે અને તે પકડી પણ લે છે. અહીં તે ભગવાન નારાયણના શરણમાં છે, પરંતુ નારાયણના શરણમાં નારાયણને પ્રાપ્ત કરવા માટે નથી, પણ નારાયણની સાથે જે આવે છે અને જે પોતાની સાથે અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ લાવે છે તેના (લક્ષ્મીના) માટે છે. આમ, ભગવાન સાધન બની ગયા અને ભોગો સાધ્ય બની ગયા. ઘણાખરા લોકો આ શ્રેણીમાં આવે છે. આપણે આ વિશ્લેષણ એટલા માટે કરી રહ્યા છીએ કે આપણે પોતે કઈ કક્ષામાં છીએ તે સમજી શકીએ.

આ વિશ્લેષણનો ઉદ્દેશ આપણે કઈ કક્ષામાં છીએ અને તે કક્ષામાં કેટલાં વર્ષ, અરે! કેટલા જન્મો સુધી રહેવાના છીએ તે વિચારવાની સરળતા થાય તે જાણવાનો છે. આ રાજસી ભક્તિ છે. ખૂબ સુંદર અન્નકૂટ ભર્યો. તેમાં ખોટું તો કંઈ જ નથી અને પછી ગિરિરાજ મહારાજને કહીએ : 'હે ગિરિરાજ મહારાજ, મારું આપ આ વર્ષમાં રક્ષણ કરજો. ગયા વર્ષે જેટલું મળ્યું તેના કરતાં ઓછામાં ઓછું ત્રણ ગણું આપજો.' તે આથી બીજાનું ખરાબ તો કરતો જ નથી છતાં આ સૌથી ઊંચી કક્ષા નથી તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

ભગવાન કપિલ દેવ પોતાની માતાજીને કહે છે : 'મા, આ રાજસી ભક્તિ છે.' આખો ઠાઠમાઠ રાજસી છે. ભગવાનને કેવો શણગાર કર્યો છે, જુઓ જોતાં આનંદ થાય છે. જ્યાં સુધી એવું રહેશે ત્યાં સુધી ભક્તિ રાજસી રહેશે.

**(ગ) સાત્ત્વિક ભક્તિ :**

આ પછી જો ચિત્ત શુદ્ધ થશે તો ગિરિરાજની પરિક્રમા પણ થશે, ભગવાનની પૂજા પણ થશે, છપ્પન ભોગોનું નૈવેદ્ય પણ ધરાવાશે, સુંદર શણગાર પણ થશે પણ આ બધી પ્રક્રિયાઓની પાછળ ભગવાનની પાસેથી કંઈ પણ માગવાનો હેતુ નહિ હોય.

પાપના ખાતામાં હજી થોડું પાપ બચ્યું હશે, પુણ્યના ખાતામાં થોડું પુણ્ય બચ્યું હશે. આ બધાં ખાતાંને પૂરાં કરવાનાં છે. 'ભોગેન પુણ્યં કુશલેત પાપં કલેવરં કાલ-જવેન હિત્વા'. આ બધાં ખાતાં ચૂકતે કરવાનાં હોય છે તો હું ભગવાનનું ભજન કરી રહ્યો છું. માગવાનું કંઈ પણ નથી. શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવાનું છે. એટલા માટે અન્નકૂટનો ભોગ ધરાવવો છે, શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવું છે એટલા માટે શણગાર કરવો છે, યજ્ઞ કરવો છે. શાસ્ત્રની આજ્ઞાનુસાર મારે મારા પિતૃઓનું શ્રાદ્ધ કરવું છે. અંતઃકરણમાં કોઈ કામના નથી. એક જ કામના છે કે બધી જ કામનાઓનો નાશ થઈ જાય.

કામનાઓનો નાશ કરવા માટે પણ કેટલીક ક્રિયાઓ કરવાની આવશ્યકતા છે. મારા ઉપર ઘણું મોટું દેવું થઈ ગયું હોય અને છતાં હું કંઈ પણ કરતો રહું. અરે ભાઈ, પોતાના દેવાને પૂરેપૂરું ચૂકવવાનું કામ પહેલાં કરો, પછી જે કરવું હોય તે કરી શકો છો. મારા પર અનેક ઋણ છે. મારાં અનેક પ્રારબ્ધ કર્મોનો ક્ષય કરવાનો છે, તે માટે પણ મારે કંઈક કરવું જોઈએ. કરી તો રહ્યો છું પણ કરતી વખતે એવી સાવધાની રાખું છું કે આ કર્મોનાં બીજનું નિર્માણ ફરી ન થાય. કર્મોનાં બીજ બે રીતે જીવનમાં ફરી અંકુરિત થાય છે. એક ફળોના રૂપમાં અને બીજું વાસનાઓના રૂપમાં. આમ થવાથી કર્મનું ચક્ર સમાપ્ત થતું જ નથી. એક સામાન્ય વ્યક્તિ પણ કર્મ કરે છે અને એક અત્યંત શ્રેષ્ઠ જ્ઞાની અને ભક્ત પણ કર્મ કરે છે. એક કર્મચક્રમાં ફસાઈને, આગલાં કર્મોનો ઉમેરો થાય તેમ કર્મ કરે છે ત્યારે બીજો કર્મમાં ફસાય તો છે છતાં તેમાંથી કેમ બહાર નીકળી શકાય તે જાણે છે. તેનાથી બહાર નીકળવા માટે પણ કંઈ કરવાનું છે. હિંસા, મત્સર કે દંભનો અહીં પ્રશ્ન રહેતો જ નથી. છતાં પણ ક્રિયા ચાલી રહી છે તે ક્રિયા સાત્ત્વિક ભક્તિ છે. તેમાં બધા જ પદાર્થો સાત્ત્વિક છે. વૃત્તિ પણ શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવાની છે.

**(ઘ) નિર્ગુણ ભક્તિ :**

આપણે જોયું કે પહેલામાં-તામસ ભક્તિમાં-બીજાનું બગાડવાની ઇચ્છા હતી. રાજસ ભક્તિમાં બીજાનું બગાડવાની ઇચ્છા નથી, પરંતુ પોતાની કોઈ કામનાઓને પૂરી કરવાની વાત છે. સાત્ત્વિક ભક્તિમાં પોતાની કોઈ કામનાનો વિચાર નથી, પરંતુ શાસ્ત્રની આજ્ઞાનું પાલન અને કામના જો હોય તો એક જ કામના છે અને તે છે આ કામનાઓના ચક્રમાંથી છુટકારો થાય- આ સાત્ત્વિક ભક્તિ થઈ. ભગવાન કપિલ કહે છે : 'મા, તેનાથી ઉપર પણ એક ભક્તિ છે અને તેનું નામ છે 'નિર્ગુણ ભક્તિ'. બધી જ વાતો પાછળ રહી જાય છે. એક એવી સ્થિતિ આવે છે ફક્ત ભગવાનનું નામ સાંભળવા જ ચિત્ત વ્યાકુળ થઈ જાય છે. અંગે-અંગ રોમાંચિત થઈ જાય છે. ભગવાનના રૂપનું દર્શન કરતાં જ મન પાગલ થઈ જાય છે. અંતઃકરણની ઊર્મિઓ પ્રબળ વેગથી એકમાત્ર ભગવાનનાં ચરણારવિંદ તરફ દોડવા લાગે છે. જેવી રીતે ગંગાજીનું જળ અત્યંત વેગથી સાગર તરફ વહી રહ્યું છે તેવી રીતે ચિત્તની વૃત્તિઓનો પૂરો પ્રવાહ અત્યંત પ્રબળ વેગથી ભગવાનના ચરણારવિંદ તરફ વહેવાનું શરૂ કરી દે છે. ભગવાનની બાબતમાં 'ભગવાન કેટલા કરુણામય છે, ભગવાન કેટલા સુંદર છે' એવું કંઈક સાંભળ્યું કે મનની વૃત્તિઓ ભગવાનમય બની જાય છે. ઠાકુર રામકૃષ્ણનું જીવન જોઈએ. ચૈતન્ય મહાપ્રભુ અને ભગવતી મીરાનું જીવન જોઈએ. તે લોકો કેટલા આગળ પહોંચી ગયા છે. કદી કદી તો કેવળ 'મા' શબ્દ સાંભળતાં જ ઠાકુરની અવસ્થા વિચિત્ર થઈ જતી હતી. આ નિર્ગુણ ભક્તિનાં લક્ષણ છે. ☐ 'ધર્મશ્રી'માંથી સાભાર અનુવાદ

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]

## કથાનક-૧૮

### શું ઈશ્વર પક્ષપાતી છે?

રાતના સત્સંગ વખતે લીચીનું એક ઝૂમખું ગુરુદેવની સમક્ષ મૂકવામાં આવ્યું. ત્યાં હાજર રહેલા ભક્તોને એમ હતું કે સત્સંગ પૂરો થયા પછી ગુરુદેવ બધાંને લીચી વહેંચશે, પણ તેમણે આખું ઝૂમખું લઈ ફક્ત એક વ્યક્તિને આપ્યું. મીઠાઈનું એક પડીકું ગુરુદેવને આપવામાં આવ્યું હતું. તે પણ તેમણે બીજી એક વ્યક્તિને આખું આપી દીધું. ભક્તો નિરાશ થયા.

ગુરુદેવના આ અસામાન્ય વર્તનથી હૃદયાનંદ માતાજીને શંકા થઈ અને ગુરુદેવને તે માટે પૂછ્યું.

‘સ્વામીજી, કાલે આપે લીચી અને મીઠાઈ હાજર રહેલાં બધાંને સરખા ભાગે શા માટે ન વહેંચ્યાં તે મને સમજાયું નથી. આપે આમ કેમ કર્યું તે મને મહેરબાની કરીને સમજાવશો?’

ગુરુદેવનો ઉદ્‌ગાર સંભળાયો : ‘ઓહ! તમને લાગ્યું કે હું પક્ષપાતી છું.’

‘ના, સ્વામીજી, તે મને ખબર નથી. મારે તે જાણવું છે.’

ગુરુદેવે પૂછ્યું : ‘ઈશ્વર પક્ષપાતી છે કે નથી?’

‘સ્વામીજી, તે નિષ્પક્ષપાતી છે.’

‘બધાંને તે સરખી રીતે ચાહે છે?’ બીજો પ્રશ્ન આવ્યો.

‘હા, ચોક્કસ’ માતાજીએ જવાબ આપ્યો.

‘તો પછી ઘણા લોકો ગરીબ અને ભૂખે મરતા છે અને બીજા કેટલાક ખૂબ ધનિક છે! શું તેઓ બધાં તેનાં સંતાનો નથી? તે શા માટે કેટલાક તરફ પક્ષપાતી છે? તમને એમ લાગે છે કે હું મારા પોતાના મન પ્રમાણે વર્તી રહ્યો છું? તે વૈશ્વિક મતે મને તે વ્યક્તિને લીચીનું આખું ઝૂમખું આપવાનું સૂચન કર્યું. મેં તેને આપવાનું પહેલાં કંઈ જ નક્કી કર્યું ન હતું. કદાચ તે તેને માટે લાયક હશે એટલા માટે જ ઈશ્વરે તેમ કર્યું છે. હવે કંઈ સમજણ પડે છે?’

‘હા, સ્વામીજી.’

### ચોરી

રાત્રિના સત્સંગમાં બે સંગીતકારો આવ્યા હતા. તેમાંનો એક અર્ધ-અંધ હતો. ગુરુદેવની સમક્ષ તેમને ગાવાનું કહેવામાં આવ્યું. સત્સંગ પૂરો થયા પછી ગુરુદેવે સેક્રેટરીને રાત્રે તેમની સૂવાની વ્યવસ્થા કરવા કહ્યું.

‘તેમને માટે આ રાત્રિએ સૂવાની વ્યવસ્થા કરો. સવારે તેઓ જશે.’

બીજે ક્યાંય તેમને સૂવાની વ્યવસ્થા શક્ય ન હોવાથી હાર્મોનિયમ અને તબલાં હતાં તે જ રૂમમાં તેમને માટે સૂવાની વ્યવસ્થા કરવામાં આવી. બીજી સવારે બંને હાર્મોનિયમ સાથે અદૃશ્ય થઈ ગયા હતા.

જ્યારે ગુરુદેવને આ વાત જણાવવામાં આવી ત્યારે વિનોદ સાથે ટીકા કરતાં તેમણે કહ્યું : ‘તે તબલાં પણ કેમ ન લઈ ગયો? ગરીબ માણસ, તે અર્ધ-અંધ પણ છે! તેને થોડાક પૈસા કમાવા માટે તેની જરૂર હશે.’

### નિપુણ ચોર

એક સવારે ગુરુદેવને જણાવવામાં આવ્યું કે આશ્રમના મંદિરમાંથી હજારો રૂપિયાની કિંમતની

વસ્તુઓની ચોરી થઈ છે.

ગુરુદેવે તેમના લાક્ષણિક વિનોદ સાથે કહ્યું : 'તે ખૂબ નિપુણ માણસ હોવો જોઈએ. તેણે આ બે તાળાં કેવી રીતે ઉઘાડ્યાં હશે? આપણે તેને તેની નિપુણતા માટે સર્ટિફિકેટ આપવું જોઈએ!'

## ગુરુ-પૂર્ણિમા

ગુરુ-પૂર્ણિમાના દિવસે ગુરુદેવને પરંપરાગત ભેટો આપવામાં આવી. એક અસંતુષ્ટ માણસે ગુરુદેવને જૂના જોડા અને પથ્થરનું પાર્સલ આપ્યું.

શિષ્યો તે માણસને મારવાનું ઇચ્છતા હતા. ગુરુદેવે તેમને તેમ કરતાં અટકાવ્યા.

'તેમાં શું વાંધો છે? તેને જવા દો. ભેટોનો સ્વીકાર કરો. તેણે આપણને કંઈ જ નુકસાન કર્યું નથી. જો આપણે તેને શિક્ષા કરવા માટે તેની પાછળ દોડીએ તો આપણે આપણી જાતને તેના કરતાં નીચા સ્તરે લઈ જઈએ છીએ. તેની પાછળ ન પડો.'

## સિગારેટનો વ્યસની

એક આશ્રમવાસીને સિગારેટ પીવાનું વ્યસન હતું. સિગારેટ પીવા માટે તે બીજાઓ પાસેથી પૈસા ઉછીના લેતો હતો. તે ગુરુદેવની પાસે ગયો અને તેમની પાસે દેવું ચૂકવવા માટે પચાસ રૂપિયાની માગણી કરી.

ગુરુદેવ તેની નિર્બળતા જાણતા હતા. તેમણે તેને પચીસ રૂપિયા આપ્યા અને કહ્યું : 'પંદર રૂપિયા દેવા પેટે આપ અને દસ રૂપિયા તારી પાસે સિગારેટ ખરીદવા રાખ.'

ગુરુદેવે કહ્યું : 'હવે સાંભળ, ધૂમ્રપાન તારા સ્વાસ્થ્ય માટે ખૂબ ખરાબ છે. તે તારાં ફેફસાં બગાડશે અને ફેફસાંનું કેન્સર લાવશે. એટલા માટે તેને છોડી દેવા માટે હું તને વિનંતી કરું છું. હું જાણું છું કે તું એકીસાથે આ વ્યસનને છોડી શકીશ નહિ, પણ ધૂમ્રપાન ઓછું કર. અત્યારે તું પીએ છે તેના કરતાં પાંચ સિગારેટ ઓછી પી. તું આટલું મને વચન આપી શકે છે?'

તે આશ્રમવાસીએ હકારમાં જણાવ્યું : 'હા, સ્વામીજી, હું દરરોજ પાંચ સિગારેટ ઓછી પીશ.'

થોડાક દિવસ પછી ગુરુદેવે તેને પૂછ્યું : 'તારી પાસેના પૈસા વપરાઈ ગયા છે?' તેણે દુઃખી થતાં કહ્યું : 'હા, સ્વામીજી.'

ગુરુદેવે તેને બીજા દસ રૂપિયા આપ્યા અને કહ્યું : 'મને વચન આપ કે હવેથી તું વધુ દસ સિગારેટ ઓછી પીશ.'

ફરીથી આશ્રમવાસીએ હા પાડી.

ધીમે ધીમે ગુરુદેવના માયાળુ સ્વભાવ, પ્રેમ અને કાળજીથી તે આશ્રમવાસીએ ધૂમ્રપાનની ટેવ પૂરેપૂરી છોડી દીધી.

## ગુરુદેવની કરુણા

મદ્રાસથી એક વૃદ્ધ સ્ત્રી આશ્રમમાં આવી હતી. તે ખૂબ માંદી હતી અને મુશ્કેલીથી ચાલી શકતી હતી. દુર્ભાગ્યે આશ્રમમાં તે સમયે કોઈ રૂમ ખાલી ન હતો અને તેને ગંગાકિનારે કોઈ ઠેકાણે આશ્રયસ્થાન શોધી કાઢવાનું કહેવામાં આવ્યું.

જ્યારે તે ગુરુદેવનાં દર્શને ગઈ ત્યારે તેણે કહ્યું : 'સ્વામીજી, હું ખાસ તો આપની સાથે આશ્રમમાં રહેવા અને સત્સંગમાં હાજર રહેવા અહીં આવી હતી, પણ અહીં રહેવાની સગવડ થઈ શકે તેમ નથી એટલે હું હવે દરરોજ આવીને આપનાં દર્શન કરી શકીશ નહિ.'

ગુરુદેવે સેક્રેટરીને પૂછ્યું : 'શું એકેય જગા નથી?'

'સ્વામીજી, બધા રૂમ મુલાકાતીઓથી ભરાયેલા છે, હવે કોઈ રૂમ નથી.'

ગુરુદેવને માટે તેમનો લખવા માટેનો રૂમ માનવસેવા માટે ખૂબ મહત્ત્વનો હતો. ગુરુદેવે તરત જ જવાબ આપ્યો : 'લખવાના રૂમને ખાલી કરો અને ત્યાં તે બહેનને રહેવાની ગોઠવણ કરો.'

તેઓ જ્યારે સત્સંગમાં જતા હતા ત્યારે તેમણે જોયું કે તે બહેન બરાબર ચાલી શકતાં ન હતાં. તેઓ પાછા આવ્યા અને સૂચના આપી : 'એક ખુરશી લાવો, તેમાં તે બહેનને બેસાડીને સત્સંગમાં લાવો. તેને સત્સંગનો આનંદ પણ લેવા દો.'

## ધિક્કારને જીતવો

એક શિષ્યાને બીજી એક જિજ્ઞાસુ બહેન તરફ ખૂબ પ્રેમ અને આદર હતાં અને તેનાં તે બીજાંની આગળ વખાણ પણ કરતી હતી. જ્યારે તે જિજ્ઞાસુ બહેન આશ્રમમાં આવી ત્યારે તેણે ખોટી વાતો તરફ લક્ષ આપી તે શિષ્યાની નિંદા કરવાનું શરૂ કર્યું. તેથી તે શિષ્યા ખૂબ અસ્વસ્થ થઈ અને ખૂબ છેડાઈ ગઈ હતી.

ગુરુદેવ હંમેશાં બધાંનાં હૃદયને જાણતા હોય છે. તેઓને આવી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. તેમની કુટિરે જતાં એક દિવસ તેઓ શિષ્યાની કુટિરે ગયા અને તેને પૂછ્યું : 'તું થોડીક સેવા આપી શકીશ?'

'હા સ્વામીજી' શિષ્યાએ કહ્યું.

'સાંભળ, આ બહેન (ઉપર દર્શાવેલી જિજ્ઞાસુ બહેનનો નિર્દેશ કરી)ને પૂંઠનું દરદ છે. તું તેને તારા રૂમમાં લઈ જા, તારી પોતાની પથારી પર સુવડાવ અને તેની પૂંઠ પર માલિસ કર.'

તે શિષ્યાને આ બહુ ન ગમ્યું પણ ગુરુદેવના વચનની અવગણના કરી શકી નહિ એટલે તેણે કહ્યું : 'હા, સ્વામીજી.'

તે પેલી બહેનને પોતાના રૂમમાં લઈ ગઈ અને માલિસ કરતાં કરતાં તેની સાથે વાતો કરવા માંડી. તેણે તેની જૂની મિત્રનાં માનસિક ક્ષોભ અને ચીઢ ઘટી જતાં જોયાં. બંનેનાં હૃદય પીગળી ગયાં અને પાછી મિત્રતા સ્થપાઈ ગઈ!

## ધિક્કારને બદલે પ્રેમ

તે જ શિષ્યાએ જોયું કે બીજા એક ભાઈ તેના આશ્રમમાં રહેવાની બાબતમાં ખૂબ વિરોધ કરતા હતા. તે તેને દંડવત્ પ્રણામ કરી ખુશ રાખવાનો પ્રયત્ન કરતી પણ તે ભાઈ હંમેશાં તેની અવગણના કરી ત્યાંથી જતા રહેતા હતા. તેનું સ્વાભિમાન ઘવાતું હતું એટલે તેણે પણ તે ભાઈની ઉપેક્ષા કરવાનું શરૂ કર્યું. ગુરુદેવે આ જોયું.

એક દિવસ તે શિષ્યાને તેમણે બોલાવી અને તેને પૂછ્યું : 'તારે ખરેખર આધ્યાત્મિક જીવન જીવવું છે?'

'હા, સ્વામીજી.'

'તો પછી હું કહું તે પ્રમાણે કરીશ?'

'હા.'

'તો પેલા ભાઈ તરફ જો. જ્યારે જ્યારે તું તેને જુએ, જ્યાં પણ જુએ તેને દંડવત્ પ્રણામ કર.'

તે શિષ્યા થોડીક આશ્ચર્યચકિત થઈ અને કહ્યું : 'સ્વામીજી, તે પ્રમાણે હું કરતી જ હતી પણ તે મારી હંમેશાં ઉપેક્ષા જ કરે છે.'

પછી તો શિષ્યા તે ભાઈને સતત વંદન કરતી રહી અને ધીમે ધીમે તેનો તે ભાઈ માટેનો ધિક્કાર અને અણગમો ઓગળતા જતા લાગ્યા. ગુરુદેવે પછી તેને વંદન કરવાનું બંધ કરવાની સૂચના આપી.

## સારા ધ્યાનની કસોટી

એક વાર શિષ્યા પોતે ખૂબ પ્રફુલ્લ લાગતાં ગુરુદેવની પાસે ગઈ. તે દિવસે તેને ખૂબ ઊંડું ધ્યાન થયું હતું એટલે તેણે મોં પર સ્મિત સાથે તેમની પાસે જઈ દંડવત્ પ્રણામ કર્યા !

ગુરુદેવે તેના તરફ જોયું અને પૂછ્યું : 'તું ખૂબ ખુશ લાગે છે, શું વાત છે?'

'હા, સ્વામીજી, આજે મેં ખૂબ સરસ રીતે ધ્યાન ધર્યું અને હું ખૂબ ખુશ લાગું છું.'

'તો તને એમ લાગે છે કે તને કંઈક મળી ગયું છે?'

શિષ્યાએ કહ્યું : 'સ્વામીજી, તે મને ખબર પડતી નથી. આ તો મને આવું લાગી રહ્યું છે.'

'ના, તે ખૂબ ખાતરીદાયક ન ગણાય. હવે તું આ સ્થિતિમાં ઉપર આશ્રમ તરફ જા અને ઉપર જતી વખતે રસ્તામાં તારો શ્રેષ્ઠ અને વહાલામાં વહાલો મિત્ર- જે તને હંમેશાં વખાણે છે અને આદર આપે છે - તે અચાનક આવી તારા પર ગાળોનો વરસાદ વરસાવે છે. હવે જો તું તારો આનંદી મિજાજ તે ક્ષણે પણ ટકાવી રાખી શકે તો તારે જાણવું કે હજી સુધી ન હતું તેવું કંઈક તને પ્રાપ્ત થયું છે.'

☐ 'શિવાનંદ કથામૃત'માંથી સાભાર

# અમૃતપુત્ર-૧૮

- શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે

['અમૃતપુત્ર'ના અંશો પૂજ્યશ્રી ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ સમક્ષ લોનાવલા-ખંડાલા અને દહેરાદૂનમાં વાંચવામાં આવેલા. મૂળ મરાઠી લેખન અને પછી હિન્દી ભાષાંતર શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડેએ કર્યું છે. તેમની અનુમતિથી આ ગુજરાતી ભાષાંતર દિ.જી.ના ગુરુભક્ત સાધકોની સેવાર્થે પ્રસ્તુત કરવાનો આનંદ છે. **-સંપાદક**]

## સદ્‌ગુરુદેવનું મહાપ્રયાણ (iii)

દસ વર્ષની ઉંમરમાં શ્રીધરને તેની માતા... તેની આદ્યગુરુ છોડીને ચાલી ગઈ હતી... અને આજે ચિદાનંદજીને તેના આધ્યાત્મિક ગુરુ, તેનાં માતાપિતા... તેનું સર્વસ્વ... બધું જ છોડીને ચાલ્યાં ગયાં હતાં.

બાળ શ્રીધરે ત્યારે આંખોથી અશ્રુધારાની ગંગા વહાવી હતી, પરંતુ હવે ચિદાનંદજીમાં વહેતી ગંગાને રોકવાનું સામર્થ્ય હતું. જન્મમૃત્યુનું રહસ્ય તો તે સમજી ચૂક્યા હતા, પરંતુ શું જ્ઞાનથી મનુષ્ય શુષ્ક થઈ શકે? જી, ના. નિર્ગુણ નિરાકાર ચૈતન્યનું ગુણગાન કરતાં કરતાં પણ શું સગુણરૂપની આશા મનમાં નથી ઊઠતી? અંદર-બહાર ચોપાસ-સર્વત્ર એક જ પરમાત્મા છે તે જાણ્યા પછી પણ કવિ હૃદય સંત જ્ઞાનેશ્વરે પાંડુરંગને કહ્યું હતું... 'તમારાથી દૂર હોવા છતાં આપનું આ ચંદન અંગરખું મને દઝાડે છે.' સાક્ષાત્ જ્ઞાનરૂપ તે ત્રણે ભાઈ-બહેન જ્ઞાનેશ્વરની મહાસમાધિ (મહાપ્રયાણ) પછી જાણે કે દેહાતીત અવસ્થામાં રહ્યાં. પંઢરપુરના એ કાળિયા પરબ્રહ્મને વિઠ્ઠલ શ્રીકૃષ્ણને પણ પોતાના ભક્તોના સગુણરૂપનો મોહ ક્યાં ઓછો હતો? ચોખોબા (સંત ચોખામેળા)ના ગયા બાદ તેમનાં અસ્થિફૂલ લેવા તેમણે સંત નામદેવને મોકલ્યા અને તેને-તે અસ્થિફૂલોને પોતાની સામે રખાવ્યાં.

શિવાનંદ ચિદાનંદમાં સમાઈ ગયા હતા. શિવાનંદ-ચિદાનંદ એકરૂપ થઈ ગયા હતા, પરંતુ દ્વૈતનું પણ એક માધુર્ય હતું, દુર્ભાગ્યે હવે તે સમાપ્ત થઈ ગયું હતું. સગુણરૂપની ભક્તિનો આનંદ એટલો છે કે તે આનંદ માટે સંતો મુક્તિ માગતા કે ઈચ્છતા નથી. (મારું વૃંદાવન છે રૂડું રે વૈકુંઠ નહીં રે આવું!), પરંતુ અહીં તો સગુણરૂપ જ ખોવાઈ ગયું હતું.

હવે સ્વામીજીના સ્વાસ્થ્ય માટે દુલારભર્યો હક દેખાડીને તેમને આશ્રમથી દૂર કોણ મોકલશે?

'ઓજી! હવે તો તમો દિવ્ય જીવન સંઘના જનરલ સેક્રેટરી બન્યા છો!' એવો વિનોદ કરવાવાળું કોણ હતું?

કુષ્ઠરોગીઓની સેવા માટે તેમની સાથે સહાનુભૂતિ પ્રદર્શિત કરવાવાળું કોણ હતું?

ક્ષણભર... એક ક્ષણ માટે... ચિદાનંદજીનો કંઠ ભરાઈ આવ્યો અને લાગ્યું કે સમગ્ર બ્રહ્માંડ ડગમગી રહ્યું છે, પરંતુ બીજી જ ક્ષણે તેમણે પોતાની જાતને સંભાળી લીધી.

માતાની વિદાય સમયે ભક્તિએ તેમનો હાથ પકડ્યો હતો...હવે જ્ઞાન તેમને સાંત્વના આપી રહ્યું હતું.

યત્ર તત્ર સર્વત્ર તેમને કેવળ ગુરુદેવનું જ દર્શન થતું હતું. તેમણે જોયું, પુષ્પોમાં ગુરુદેવ ખીલી ઊઠ્યા છે. કળીઓમાં હસી રહ્યા છે. સૂરજમાં પ્રકાશી રહ્યા છે, જળ તેજ વાયુ આકાશ સર્વત્ર માત્ર તે જ તે છે. જેનો વિલય થયો તે શિવાનંદ. આ વિલય પછી જે શોકગ્રસ્ત છે તે પણ શિવાનંદ. ગુરુદેવને વળી આવાગમન ખરું? તેઓ તો હવે વધુ સમીપ આવી ગયા છે. હવે તેમનું અસ્તિત્વ હૃષીકેશ શિવાનંદ આશ્રમ સુધી જ સીમિત નથી રહ્યું, જ્યાં જ્યાં ચિદાનંદ જશે ત્યાં ત્યાં શિવાનંદનું અસ્તિત્વ પણ હશે જ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ કે સ્વર બધામાં બસ હવે એક તેમના જ અસ્તિત્વની અનુભૂતિ થઈ રહી છે.

સ્વામીજી બહાર આવ્યા. તેમણે સર્વે આશ્રમવાસીઓને કહ્યું :

'તે એક સુંદર જીવન હતું, તેમણે તમામ જીવનોને સુંદર બનાવ્યાં.'

ચૌદમી જુલાઈની તે મધરાતે ગંગા પોતાના કિનારાઓને ભીંજાવી રહી હતી. જાણે તે પણ

શિવાનંદજીનાં પદચિહ્નોને શોધી રહી હતી.

બે દિવસ સુધી શિવાનંદ આશ્રમમાં ભક્તો ઊભરાતા રહ્યા અને તેમનાં નેત્રોમાં કંઈક ખોવાયાનો... કંઈ ઓછું થઈ જવાનો ભાવ ઊભરાતો રહ્યો. તે સૌની આંખોની ભાવગંગા વિશ્વભરના ભક્ત સમુદાયના ભાવસાગરમાં મળી રહી હતી. માત્ર ચિદાનંદજી જ એકલા શાંત અને ગંભીર હતા. હવે આશ્રમમાં તેઓ સૌથી જ્યેષ્ઠ-વરિષ્ઠ હતા. આશ્રમ સંચાલન... દિવ્ય જીવન સંઘનાં આંતરરાષ્ટ્રીય માળખાની જવાબદારી હવે તેમની હતી. સોળમી જુલાઈની બપોરે એક વાગ્યે ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના પાર્થિવ શરીરને પૂર્વ નિયોજિત અને પ્રસ્થાપિત સમાધિ મંદિરમાં ભૂસમાધિ આપવામાં આવી. હવે શિવાનંદજી હંમેશ માટે આંખોથી ઓઝલ થઈ ગયા હતા. હૃદય અત્યંત સંવેદનાશીલ હોવા છતાં સ્વામી ચિદાનંદજીએ પોતાનાં નેત્રોને ભીંજાવા દીધાં નહીં. શ્રીમદ્ ભગવદ્ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં તેઓ હવે જીવી રહ્યા હતા. તેમને ખબર હતી... કે પૂર તો નદીઓમાં આવે, સાગર કદી પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી.

મહાસમાધિના સોળમા દિવસે ષોડશી કરવામાં આવી. સમષ્ટિ ભંડારો થયો, પરંતુ આ તમામ દિવસો દરમિયાન આશ્રમ પ્રાણશૂન્ય હોય તેવો થઈ ગયો હતો. ગુરુદેવના મહાપ્રયાણના સમાચાર સત્વરે જ ઓલ ઈન્ડિયા રેડિયોના પ્રમુખ સમાચારોમાં દિલ્હીથી પ્રસારિત કરવામાં આવ્યા હતા. દેશનાં સર્વે પ્રમુખ દૈનિકોમાં પણ આ સમાચાર પ્રકટ થયા. આશ્રમનાં મુખપત્રો ધી ડિવાઈન લાઈફ, યોગવેદાંત વગેરેમાં પણ આ સમાચાર વિગતથી છપાયા. દિવ્ય જીવન સંઘના વિશ્વવ્યાપી સદસ્ય સમુદાયમાંથી જેટલા લોકો હૃષીકેશ પહોંચી શકે તેટલા શિવાનંદ આશ્રમ આવી પહોંચ્યા. ચોપાસ પ્રાર્થના તેમજ સત્સંગ અને શ્રદ્ધાંજલિ સભાઓ આયોજાઈ. ઈશ્વર, અલ્લા અને ઈસુ ખ્રિસ્તને સમાનરૂપે યાદ કરવામાં આવ્યા. હરે રામ મહામંત્ર કીર્તનની હેલી જામી... પરંતુ તેનો સ્વર દુઃખિત હતો.

આશ્રમના ચેરિટેબલ દવાખાનામાં રોગીઓનાં નિદાન અને સારવાર તો થઈ રહ્યાં હતાં, પરંતુ ડૉક્ટરોના ડૉક્ટર તો ચાલ્યા ગયા હતા, તે તો બધા મરીજોના ચહેરા ઉપર લખેલું વાંચી શકાતું હતું. અન્નપૂર્ણાગૃહનાં ભોગ-નૈવેદ્ય વિશ્વનાથને ધરાવવામાં આવ્યાં, પરંતુ તેમાંનો સ્વાદ ઊડી ગયો હતો. બધું નીરસ થઈ ગયું હતું. સ્વામી ચિદાનંદજી મહારાજ આ બધાંને સાંત્વના દઈ રહ્યા હતા. તેમને મન તો ગુરુદેવ સદૈવ ચિરંજીવ શાશ્વત જ હતા. તેમનું જીવન શ્રી ગુરુદેવને સમર્પિત હતું તેટલું જ નહીં, હવે શિવાનંદ તેમની અંદર જ જીવી રહ્યા હતા. આત્મજ્ઞાનના પાયા ઉપર જીવનનું એક કઠોર સત્ય તેઓ જીવી રહ્યા હતા. તેમની અટલ સ્થિરતા જોઈને હિમાલયના ગર્વનું પણ ખંડન થયું હશે. તેણે સ્થિરતાના આ મહામેરુ સામે પોતાનું મસ્તક ઝુકાવ્યું હશે.

અને હવે દિવ્ય જીવન સંઘના વરિષ્ઠ સભાસદોની એક સભા થઈ. ગુરુદેવના ચાલ્યા જવાથી દિવ્ય જીવન સંઘના અધ્યક્ષનું સ્થાન ખાલી પડ્યું હતું. હવે નવા અધ્યક્ષની નિમણૂક આવશ્યક હતી. આ વિશ્વવંદ્ય કીર્તિસમ્પન્ન સંસ્થાનું અધ્યક્ષપદ કંઈ સાધારણ વાત ન હતી. આ પદનાં ગૌરવ અને ગરિમા હતાં, મહત્ ઉત્તરદાયિત્વ હતું, તત્ત્વનિષ્ઠ અને વ્રતસ્થ આચરણની શરતો હતી, પરંતુ તેની સાથે સાથે જ વિશ્વવિખ્યાત સ્તરીય સન્માન પણ હતું. આ પદ સમક્ષ દુનિયાભરના ધનિકો તેમના ધન સાથે નતમસ્તક થયા હતા અને ગરીબ, દીનદુર્બળ પોતાની ભક્તિનું નજરાણું લઈને ઊભા હતા. છતાં દિવ્ય જીવન સંઘનો એક પણ યતિ સંન્યાસી આ પદની આકાંક્ષા સેવતો ન હતો. સ્વામી ચિદાનંદજી, સ્વામી કૃષ્ણાનંદજી, સ્વામી માધવાનંદજી... કોનાં કોનાં નામ ગણાવીએ? આમાંના પ્રત્યેક ગુરુદેવ દ્વારા પારખેલા હીરાઓ હતા. વિરક્તિ, ત્યાગ, નિર્મોહીપણું અને છતાં તેમાંના દરેક, કામ કરવા માટે એકબીજાની હોડ માંડનારા! આ હીરાઓમાં જે કોહીનૂર હીરો હતો તે પોતાની કુટિરમાં એકલો-ઉદાસ બેઠો હતો.

જી, હા. ચિદાનંદજી પોતાની કુટિરમાં પરેશાન હતા. અધ્યક્ષપદની જવાબદારી હવે તેમના ઉપર આવવાની છે તેની ગંધ તેમને આવી ગઈ હતી. અને આ વાત તો તેઓ ટાળવા માગતા હતા કે ઇચ્છતા તો ન જ હતા. સન્માન, પદ, પ્રતિષ્ઠા આમાંથી તેમને કંઈ

પણ ખપતું ન હતું. પોતાની આગળ-પાછળ ભક્તોની ભીડ થાય તેવું તે કદીયે ઇચ્છતા ન હતા. બાળપણથી જ તેમને પરમેશ્વર સિવાય બીજી કોઈ લાલસા ન હતી. હવે તો તેમને આત્મસાક્ષાત્કારથી અનુભૂત, તે સ્વર્ગીય આનંદની મીઠાશ તેમણે જે ચાખી હતી તેની સમક્ષ જગતના બધા જ ઉપભોગ નીરસ લાગતા હતા. આ બધામાંથી મુક્તિનો કોઈ ઉપાય ન હતો કે ત્યાંથી ચુપચાપ ક્યાંય ચાલ્યા જવાય!

ટ્રસ્ટીઓની મિટિંગમાં તેઓ ઉપસ્થિત રહ્યા નહીં. દૂર હિમાલયની કંદરાઓમાં ભ્રમણ અર્થે ચાલ્યા ગયા. આખી સાંજ ગંગાનું સાન્નિધ્ય અને એકાંત માણી તેઓ જ્યારે કુટિરમાં પાછા ફર્યા ત્યારે સંતો-ટ્રસ્ટીઓ અને ગુરુભાઈઓ તેમને અભિનંદન આપવા ટોળે મળ્યા.

સૌએ એક સ્વરમાં કહ્યું, 'અમે સૌએ આપને દિવ્ય જીવન સંઘના અધ્યક્ષપદ માટે ચૂંટી કાઢ્યા છે, આ નિર્ણય સર્વસંમતિથી લેવામાં આવ્યો છે. હવે કૃપા કરીને આપશ્રી આ ઉત્તરદાયિત્વ નિભાવો અને આ પદનો ઇન્કાર ન કરો.

સ્વામીજીએ કહ્યું, 'જે પદ પર ગુરુદેવ હતા, તે પદ પર મારી નિયુક્તિ થઈ જ ન શકે. હું તો તેમનાં ચરણોનો દાસ છું. મને આટલો ઊંચો ન ઉઠાવો.'

'પરંતુ ગુરુદેવ સ્વયં આપને જ જ્યેષ્ઠ શિષ્ય કહેતા હતા.'

'તે તો ગુરુદેવની મહાનતા હતી. પરંતુ શું ચકલું ગરુડ જેટલું ઊંચે ઊડી શકે? શું કાગડો રાજહંસની ચાલ ચાલી શકે? ગુરુદેવનું સ્થાન લેવાની મારી કોઈ પાત્રતા જ નથી.'

હવે સ્વામીજીને સમજાવવાનો એક જ માર્ગ હતો. સ્વામી કૃષ્ણાનંદજી ગુરુદેવની પાદુકાઓ લઈને આવ્યા. તેમણે તે પાદુકાજીને સ્વામી ચિદાનંદજી સમક્ષ મૂકીને કહ્યું, 'તમારે ચાલ્યા જવું છે ને? લો, તો આ પાદુકાજીને ટપીને જાઓ.'

સ્વામીજી સ્તબ્ધ થઈ ગયા. તેઓ સાત સાગર પાર કરવાને સક્ષમ હતા, આપત્તિના ડુંગરા ઓળંગવા તેમને મન સરળ કામ હતું, કોઈ વૈશ્વિક મોહના અંબારમાં તેમનાં કદમ ડગમગે તેવું ન હતું.

પરંતુ આ પાદુકાજી! શ્રી ગુરુદેવ પ્રત્યક્ષ! તેને કયા નિર્મમ હાથો વડે દૂર કરું! પાદુકાજીનું ઉલ્લંઘન... એટલે પ્રત્યક્ષ શ્રી ગુરુદેવનું ઉલ્લંઘન!!!

તેમણે પાદુકાજીને પ્રણામ કર્યાં અને બોલ્યા,

'જવાબદારી ઉપાડીએ તો નિભાવવી પણ પડે.'

ઈ.સ. ઓગણીસો ત્રેસઠની અઢારમી ઓગસ્ટે (તા.૧૮-૮-૧૯૬૩) સ્વામી ચિદાનંદજી મહારાજ દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ તરીકે નિર્ધારિત થયા. શ્રી ગુરુદેવના આસન ઉપર તેમની પાદુકાઓજી પધરાવીને તેમણે કહ્યું, 'દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ સ્વામી શિવાનંદજી મહારાજના પ્રતિનિધિના રૂપમાં દાસ ચિદાનંદ આ સેવાનો સ્વીકાર કરે છે.' તેમણે બંને કર જોડી, ખૂબ જ વિનીત ભાવે... દીનભાવે આર્દ્ર હૃદયે પ્રાર્થના કરી...

'પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવનાં શ્રીચરણોમાં, તેમની પ્રત્યક્ષ અનુભૂતિ આ પાદુકાજીમાં અનુભવતાં મારી વિનમ્રભાવે પ્રાર્થના છે કે મને પ્રામાણિક રહીને સેવા કરવાની, કર્તવ્યભાવનાથી પ્રેરિત થઈને કામ કરવાની અને એક અદના સેવકના ભાવથી જીવનયાપન કરવાની ક્ષમતા આપજો અને આપના આ દાસને વિનયશીલતા, નિઃસ્વાર્થતા અને સર્વસમર્પણના પવિત્ર ગુણોથી કદી વંચિત ન કરશો.'

દિવ્ય જીવન સંઘના સર્વોચ્ચ પદનો સ્વીકાર કરતી વખતે પણ દૈવી ગુણોથી પાકીને મધુર બનેલ ફળો દ્વારા આમ્રવૃક્ષની વિનમ્રતા સમાન સ્વામીજીનું મસ્તક પણ ઝૂકેલું હતું. પોતાના આ સમર્પિત શિષ્યને દેખીને ગુરુદેવનું સમાધિસ્થળ આનંદ અને તેજથી આલોકિત...પુલકિત થયું. દિવ્ય જીવન સંઘ ફરીથી એક વાર સનાથ થઈ ગયું. ભવસાગરમાં તૂટેલી, ભટકતી નૌકાના ખેવૈયાઓને એક દયાળુ અને ધૈર્યવાન ભોમિયો મળ્યો. સ્વામીજી મનમાં કહી રહ્યા હતા :

'I am thine. Thou art mine. Thy will be done. I want nothing. Nothing but you.' સ્વામીજી સ્વસ્થ થયા અને દિવ્ય જીવન સંઘના પ્રત્યેક સદસ્યના મનમાં ઈદ, ક્રિસમસ અને દિવાળીનો આનંદ એકસાથે ઊમટ્યો.

☐ 'અમૃતપુત્ર'માંથી સાભાર

# પોતાના નામે ઓળખાય તે ઉત્તમ

શ્રી હરિભાઈ કોઠારી

उत्तमा आत्मनः ख्याताः पितुः ख्याताश्च मध्यमाः
अधमा मातुलात् ख्याताः श्वसुराश्चाधमाधमाः

જે પોતાની ખ્યાતિથી ઓળખાય તે ઉત્તમ, પિતાની ખ્યાતિથી ઓળખાય તે મધ્યમ, મોસાળની ખ્યાતિથી ઓળખાય તે અધમ, પરંતુ સસરાની ખ્યાતિથી જે ઓળખાય તે અધમાધમ છે.

આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં-માણસે સ્વપુરુષાર્થથી જ આગળ આવવા પ્રયત્ન કરવો જોઈએ. કોઈના ખભે બેસીને પ્રવાસ કરવામાં શો આનંદ આવે? પુરુષાર્થી અને પરાક્રમી માણસને પરાવલંબન સાલે છે. ટેકે-ટેકે આગળ વધનારો લાંબું ટકી નથી શકતો. મહારથી કર્ણ ગૌરવથી કહે છે કે-

सूतो वा सूतपुत्रो वा, यो वा को वा भवाम्यहम्,
दैवायत्तं कुले ज्जन्मं, मदायत्तं तु पौरुषम् ॥

હું સૂત હોઉં કે સૂતપુત્ર હોઉં, હું ગમે તે હોઉં, કયા કુળમાં જન્મ મળવો એ દેવાધીન છે, પણ મારું પૌરુષ તો મને આધીન છે.

મહાનતા કંઈ મોટા કુળથી જ નથી આવતી. એક કવિએ આ વાત સરસ રીતે મૂકી છે :

જન્મે કમળ પંકમાં, તદપિ દૈવંશિરે ચડે,
નહીં કુળથી કિન્તુ મૂલ્ય મૂલવાય ગુણો વડે.

સુભાષિતકારે પણ આ વાત સરસ રીતે સમજાવી છે :

किं जन्मना य महता पितृपौरुषेण
शकत्या हि याति निजया पुरुषः प्रतिष्ठा,
कुंभा न कूपमपि शोषयितुं समर्थाः
कुंभोद्भवेन मुनिनाम्बुधिरेव प्रीतः ॥

ઉચ્ચ કુળમાં જન્મ કે પિતૃઓના મોટા પરાક્રમથી શું? માણસ પોતાની શક્તિથી જ પ્રતિષ્ઠા પામે છે. (હજારો) ઘડાઓ એક કૂવાને શોષી લેવા સમર્થ નથી, જ્યારે કુંભથી જન્મેલા મુનિ (અગસ્ત્ય) આખો સાગર પી ગયા.

માણસમાં પોતાનું સત્ત્વ હોય તો તે સર્વત્ર પૂજાય છે. 'સર્વત્ર ગુણોની પૂજા થાય છે. પિતૃવંશનું બહુ મહત્ત્વ નથી. લોકો વાસુદેવ (કૃષ્ણ)ને નમે છે અને નહીં કે એમના પિતા વસુદેવને.'

નિષ્પ્રભ લોકો જ હંમેશાં પોતાના પૂર્વજોની કીર્તિ ગાયા કરે છે, કારણ કે તેમના પોતાના જીવનમાં કશું નથી હોતું. સમર્થ રામદાસ સ્વામી 'દાસબોધ'માં લખે છે :

सांगे वडीलांची कीर्ति, तो एक मूर्ख

પોતાના નામે ઓળખાય તે ઉત્તમ, પિતાના નામે ઓળખાય તે મધ્યમ, પરંતુ મોસાળ પક્ષથી ઓળખાય તે અધમ. પોતાની વંશપરંપરામાં કંઈ ભલીવાર ન હોય ત્યારે માતૃપક્ષી ગૌરવ ઉછીનું લેવું પડે. મામાના નામે તરી જવા ઈચ્છનારે મામા શકુનિ તેમ જ મામા કંસને યાદ કરી લેવા જોઈએ. સુભાષિતકારે 'સર્વનાશાય માતુલઃ' એમ કહીને એ દિશામાં લાલ બત્તી ધરી છે.

પરંતુ સૌથી નિમ્નકક્ષાનો અર્થાત્ અધમાધમ તો એ છે કે જે પોતાના સસરાના નામે ઓળખાય. સસરાની મિલકત તરફ ધ્યાન રાખીને બેઠેલો માણસ પૌરુષહીન છે. દહેજની લાલચે જીભ ચાટતા બેસનાર જુવાનોએ આ વાત ખાસ સમજવા જેવી છે. પૈસા લઈને પરણનાર સોદાગરો પત્ની જોડે પ્રેમ શી રીતે કરી શકતા હશે? 'તું જ મારા માટે સર્વ કંઈ છે. તારી સામે બધું તુચ્છ છે' એવા શબ્દો તેમના મોઢે સાંભળીને તેમની પત્નીઓ ગાલમાં હસતી નહીં હોય? આવા પરોપજીવીઓની મજાક ઉડાવતાં કવિએ લખ્યું :

પૂછો ન એ સવાલ, મળી કેમ નોકરી?
કારણ કે એ પ્રધાનતણો ઘરજમાઈ છે.

બાપની સંપત્તિ પણ સત્કાર્યમાં ખર્ચી નાખીને પોતે સ્વપુરુષાર્થથી આગળ વધનાર નરપુંગવો ક્યાં અને સત્તા-સંપત્તિની લાલસામાં સસરાની પાછળ પૂંછડી પટપટાવીને ફરતા જમાઈરાજો ક્યાં?

પોતાના પરાક્રમથી જે પિતૃઓને પ્રસન્ન કરે, પોતાની મહાનતાથી જ મોસાળ પક્ષનો મહિમા વધારે અને પોતાનાં શીલ અને સત્ત્વથી જ શ્વસુરપક્ષની શાન વધારે તેવો યુવાન શ્રેષ્ઠ છે, સર્વત્ર સન્માનનીય છે.

☐ 'ચિંતા નહીં, પણ ચિંતન'માંથી સાભાર

# વેદોનો અમૃતકળશ

- ડૉ. નરેશ ભટ્ટ

**आचार्य उपनयमानो ब्रह्मचारिणे कृणुते गर्भमन्तः ।**

- अथर्ववेद ११.५.३

**બ્રહ્મચારીને પોતાની પાસે રાખનાર આચાર્ય તેને પોતાની અંદર ધારણ કરે છે.**

**- અથર્વવેદ ૧૧.૫.૩**

આચાર્યનું સ્થાન ભારતીય વિચારધારામાં ઘણું જ ઊંચું રહ્યું છે. જેમની પાસેથી જે કંઈ ગુણ પ્રાપ્ત થાય તે લેવો અને ગુણધારકને તો ખબર પણ ન હોય કે મારામાંથી સાચી વ્યક્તિએ આ ગુણ ગ્રહણ કર્યો છે. આ તમામ આચાર્ય બની જાય છે. ભાગવતપુરાણમાં ગુરુદત્તાત્રેયે ચોવીસ ગુરુઓ બનાવ્યાની કથા છે. જો પરગુણગ્રહણની દૃષ્ટિ હોય તો માણસ સદા માટે શીખતો રહે છે, સદાનો શિષ્ય બની જાય છે. ભારતીય વિચારધારાના બે ચમકતા વૈચારિક સિતારા છે, જેમાં એક છે તે ગુરુપૂર્ણિમાનો દિવસ અને બીજી કન્યાદાન વિભાવના. વિશ્વની કદાચ કોઈ સંસ્કૃતિએ આ બે વિશે આટલો ઊંચેરો અભિપ્રાય બાંધ્યો નથી, જે ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમા અને કન્યાદાન અંગેના વિચારોમાં જોવા મળે છે.

અહીં આ ઋચામાં ઋષિ કહે છે કે આચાર્ય બ્રહ્મચારીને પોતાની પાસે બોલાવે છે અને પોતાના જ્ઞાનરૂપી શરીરના ગર્ભમાં એને ધારણ કરે છે. ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત થતાં અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતો હોય છે. આગળ કહ્યું છે તે પ્રમાણે તો આચાર્ય ત્રણ રાત્રિ સુધી શિષ્યને પોતાના ગર્ભમાં રાખે છે. પ્રશ્ન થશે કે ત્રણ રાત્રિનો શા માટે ઉલ્લેખ કર્યો હશે? રાતનો અંધકાર એ તો અજ્ઞાનનું પ્રતીક છે. આ અંધકાર દૂર થાય પછીથી તેને જ્ઞાનરૂપી પ્રકાશ લાધે છે.

તૈતિરીય ઉપનિષદમાં વેદાધ્યયન પૂર્ણ થાય એટલે આચાર્ય દીક્ષાંત ઉપદેશ આપે છે તેનું વર્ણન (શિક્ષાવલ્લી અ. ૧૧) જોવા મળે છે. કહ્યું છે કે 'સાચું બોલ, ધર્મનું આચરણ કર, સ્વાધ્યાયમાં બેદરકારી દાખવીશ નહીં, સત્ય અને ધર્મથી ચલિત થવું નહીં. માતા, પિતા, આચાર્ય અને અતિથિને દેવ માનજે, દોષ વિનાનાં કર્મો છે તેનું આચરણ કરજે, બીજાં કર્મોનું નહીં.' આ જ આચાર્યોનો શિષ્યો માટે ઉપદેશ છે અને આ જ વેદનું રહસ્ય છે. ભારતમાં આદિ શંકરાચાર્ય પછી આચાર્ય પરંપરા શરૂ થઈ અને તેમાંથી જ દેશ પ્રસંગે-પ્રસંગે અનુપ્રાણિત થતો રહ્યો છે; તેથી કદાચ મનુસ્મૃતિમાં (૨.૨૨૬) आचार्यो ब्रह्मणो मूर्तिःનો ઉલ્લેખ કરાયો છે. આચાર્ય તો બ્રહ્મની સાક્ષાત્ મૂર્તિ છે. આવા આચાર્યનો પ્રભાવ સમાજકારણથી રાજકારણ સુધી રહેતો હતો. ચાણક્ય પાસે શું હતું? વિચારો અને આચારો સિવાય કંઈ ન હતું અને તેમણે સમાજ પાસેથી કંઈ ન લઈને સમાજને અધિક ઋણી કર્યો છે.

આચાર્યની વિશિષ્ટતા જ આ છે ને! સમાજને વધુમાં વધુ આપી છૂટે તે આચાર્ય. સોક્રેટિસ પર લોકતંત્રમાં માનતા એનાયટે, મેલટસ નામે કવિએ અને લાયકોને યુવાપેઢીને ખોટે રસ્તે દોરવાનો આરોપ મૂક્યો ત્યારે સોક્રેટિસે કહેલું કે ભૌતિક વિષયો સાથે મારો સંબંધ નથી અને હું શિક્ષણ માટે પૈસા લેતો શિક્ષક નથી. સોક્રેટિસ અને આપણી આચાર્ય પરંપરાની વિભાવના કેટલી બધી લગોલગ ચાલે છે. ભારતની આચાર્ય પરંપરાના પાયામાં જ પરમતત્ત્વમાં વિશ્વાસ રાખવાની વાત આવે છે. આ જ વિચારધારા નીચે પ્લેટો અંડરલાઈન કરે છે અને કહે છે કે 'ઈશ્વરમાં શ્રદ્ધા ન રાખતાં બળો, સબળ રાષ્ટ્રનિર્માણ કરી શકતાં નથી.' એરિસ્ટોટલે એથેન્સમાં લાઈશિયમ નામની શિક્ષણ સંસ્થાની

શરૂઆત કરી. આચાર્યો ગુરુકુળો ચલાવતા, બસ તેના જેવો જ વિજ્ઞાન અને પરમસત્તા વિશેનો ખ્યાલ બંને શિક્ષણ સંસ્થાઓમાં જોવા મળે છે.

ભારતમાં આંતરકલેવરની રક્ષા માટે આચાર્યો સાથે જ સંતો અને ભક્તોએ પણ તેટલો જ સિંહફાળો આપ્યો છે. ચૈતન્ય મહાપ્રભુનું નામ તો ગામડાં સુધી લોકહૃદયે પહોંચ્યું છે. 'હરે રામ હરે રામ રામ રામ હરે હરે'ના ધ્વનિએ તેમને ભારતના હૃદય સિંહાસન પર બેસાડી દીધા છે. ચૈતન્ય મહાપ્રભુએ ન્યાય અને વ્યાકરણ જેવાં શાસ્ત્રો શીખવવા માટે વિશ્વવિદ્યાલયની પણ શરૂઆત કરેલી, પરંતુ સંતોના પરિચયથી તેમણે પોતાના વિશ્વવિદ્યાલયમાં બ્રહ્મવિદ્યા શીખવવા માંડી. જગન્નાથપુરીના સાગરતટ પર ચૈતન્ય મહાપ્રભુની ચોકમાં જ ઊભી કરેલી પ્રતિમા આ આચાર્યે ભારત પર કેવો પ્રભાવ પાડ્યો તેની ગવાહી આપે છે.

ગુરુપૂર્ણિમાનો મહિમા પુનઃ આ દેશમાં સ્થાપવાની જરૂર છે. બે હૃદય વચ્ચે જોડતો કોઈ સેતુ હશે તો તે માત્ર આચાર્યનાં વચનો જ છે. કદાચ, ગઈ કાલ કરતાં આચાર્યોની આજના અશાંત સમાજને વધુ જરૂર છે. આવા આચાર્યો જ શિષ્યોને ઝેરમાંથી અમૃત લેવાનું, બાળક પાસેથી હિતવચન ગ્રહણ કરવાનું, શત્રુ પાસેથી પણ સદ્વર્તન લેવાનું અને અપવિત્ર સ્થાનમાં પણ સુવર્ણ લઈ લેવાનું શીખવે છે.

**(કવિઠા-મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન અનુસંધાન પાના નં.૨૮ ઉપરથી ચાલુ)**

રસ્તો સપાટ તો હોય જ નહિ. કાં તો ચઢાણ અને કાં તો ઉતરાણ! એક નાના ગામમાં એક ઘેરથી પાડોશમાં જ બીજે ઘેર જવું હોય તોપણ કાં તો ચડવું પડે અને કાં તો ઊતરવું પડે એવી અહીંની પગવાટો છે. અહીં બાળકોને શાળાએ લઈ જવા માટે અને ઘેર પાછા મૂકી જવા માટે રિક્ષા કે સ્કૂલબસની વ્યવસ્થા છે જ નહિ. હિમાલયનાં બાળકો જે ઉત્સાહ અને ધગશથી ભણી રહ્યાં છે અને જે વ્યાપક પ્રમાણમાં ભણી રહ્યાં છે તે ભારે આદરને પાત્ર છે.

કવિઠાના આ વૃદ્ધ પુરુષે ગૌરવપૂર્વક કહ્યું :

'જુઓ, સ્વામીજી! કાલીમઠની પૂજાનો અધિકાર અમારો-આ કવિઠાના બ્રાહ્મણોનો છે. મેં પણ જગદંબાની પૂજા કરી છે.'

થોડી વાર અટકીને તેમણે એક ગુપ્ત વાત પણ કહી :

'તમે મહાકાલીના મંદિરમાં દર્શન કર્યાં, તેમાં એક ઊંડો ગર્ત (ખાડો) છે. વર્ષમાં એક વાર તેની સફાઈ થાય છે. તે વખતે અહીં મોટો મેળો ભરાય છે. તે ગર્તની અંદર મહાકાલી ગુપ્ત સ્વરૂપે પ્રતિષ્ઠિત છે. ગર્તની વાર્ષિક સફાઈ પણ રાત્રે ખૂબ ગોપનીય સ્વરૂપે થાય છે. જે પૂજારી આ સફાઈનું કાર્ય કરે છે તેની આંખે પાટા બાંધવામાં આવે છે અને તેના હાથ પણ કપડાથી ઢાંકી દેવામાં આવે છે.'

મેં કાંઈક સંકોચપૂર્વક અને નમ્રતાથી પ્રશ્ન પૂછ્યો : 'એમ શા માટે?'

'અરે, સ્વામીજી! આ ચર્મચક્ષુથી આપણે તે મહામાયાનાં દર્શન ન કરી શકીએ. આપણા હાડમાંસના શરીરથી આપણાથી તેનો સ્પર્શ ન કરી શકાય. આપણે જગદંબાની આમન્યા જાળવવી જોઈએ અને આ તો મહાકાલી ઉગ્રસ્વરૂપિણી છે, તેની સેવાપૂજામાં તો ઘણી સાવધાની રાખવી જોઈએ. તે રીઝે તો બેડો પાર કરી દે છે, પણ રૂઠે તો ભુક્કા કાઢી નાખે છે!'

મેં જોયું કે આ તેજસ્વી વૃદ્ધ પુરુષનો ચહેરો આટલું બોલતાં તો લાલ બની ગયો.

અમે તેમનો આભાર માન્યો, તેમની વિદાય લીધી. જતી વખતે જ જાણ થઈ કે તેમની ઉંમર ૮૯ વર્ષની છે.

કવિઠાની, મહાકવિ કાલિદાસની જન્મભૂમિની અમારી યાત્રા પૂરી થઈ.

☐ 'હિમગિરિ-વિહરણ'માંથી સાભાર

# કવિઠા-મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન

**શ્રી ભાણદેવજી**

હિમાલયની યાત્રામાં અમે કવિઠા જઈએ છીએ. કવિઠા કાલીમઠથી માત્ર ૩ કિ.મી. દૂર છે. રસ્તો કાલીગંગાને કિનારે-કિનારે જાય છે, પણ હવે અહીં કાલીગંગાનું નામ કાલીગંગા નથી. અહીં તેનું નામ સરસ્વતી છે.

આ વિસ્તારમાં એવી વ્યાપક માન્યતા છે કે આ કવિઠા ગામ તે જ મહાકવિ કાલિદાસનું જન્મસ્થાન છે. આ ગામનું મૂળ નામ કવિસ્થાન છે, તેનું જ અપભ્રંશ સ્વરૂપ કવિઠા છે. મહાકવિ કાલિદાસના જન્મસ્થાન પાસેથી જ નદી વહેતી હોય તેનું નામ તો સરસ્વતી જ હોય ને!

કવિઠા ગામમાં પહોંચવા માટે મુખ્ય રસ્તો છોડીને એક પગદંડી દ્વારા થોડું ઉપર ચડવું પડે છે. ગામમાં દાખલ થતાં જ એક વિશાળ ભવનનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે તે જોવા મળે છે. અહીં દર વર્ષે કાલિદાસ-રસિયાઓનું સંમેલન મળે છે. આ ભવનમાં એક મોટો ખંડ પણ બની રહ્યો છે. આ ભવન તૈયાર થાય એટલે સંમેલન આ ભવનમાં જ મળશે. આ સંમેલનમાં માત્ર ઉત્તરાંચલના જ નહિ, પરંતુ દેશભરના કાલિદાસ-રસિકજનો એકત્રિત થાય છે. કાલિદાસ-વિષયક વ્યાખ્યાનો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.

આ નિર્માણાધીન ભવનથી થોડા ઉપર ચડીએ એટલે એક નાનું 'મહાકવિ કાલિદાસ સ્મૃતિમંદિર' છે. આ સ્થાનને કાલિદાસનું જન્મસ્થાન બતાવવામાં આવે છે. અહીંથી થોડા ઉપર ચડીએ એટલે એક વૃક્ષ જોવા મળે છે. આ વૃક્ષને 'બાંઝવૃક્ષ' કહેવામાં આવે છે. આ વૃક્ષની નીચે એક મોટા આસનની રચના કરવામાં આવી છે. આ આસનને મહાકવિનું આસન કહેવામાં આવે છે. અહીં ભગવતી મહાસરસ્વતીનું એક નાનું મંદિર પણ છે. અરે! આ તો મહાકવિ કાલિદાસની જન્મભૂમિ છે! આ તો સરસ્વતીનું સ્થાન છે!

અહીં અમને એક વિદ્વાન વૃદ્ધ પુરુષ મળ્યા. તેમણે અમને આ સ્થાન વિશે, કાલિદાસ વિશે અને આ કાલીક્ષેત્ર વિશે ઘણી રસપ્રદ અને માહિતીસભર વાતો કહી. તેમણે પ્રથમ તો અમને કાલિદાસ વિશે એક બહુ રસપૂર્ણ કથા કહી :

અહીં અમારા ગામમાં 'કાલિદાસ' નામનો એક મંદમતિ અને મૂંગો છોકરો હતો. આ વિસ્તારમાં એક મહાન વિદુષી યુવતી આવી. આ બાઈને એવું વ્રત હતું કે જે પુરુષ તેને શાસ્ત્રાર્થમાં હરાવશે તેની સાથે પોતે લગ્ન કરશે. અમારા આ ગામના કેટલાક યુવાનોએ મજાક કરવા માટે તે વિદુષી બાઈને કહ્યું :

'અમારા આ નાના ગામમાં એક સમર્થ વિદ્વાન રહે છે. તેઓ તમારી સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છે, પરંતુ તેઓને મૌનવ્રત છે. તેઓ માત્ર ઈશારાથી જ વાત કરે છે.'

તે વિદુષી બાઈ સંમત થઈ. બંનેની મુલાકાત ગોઠવાઈ. બાઈએ કાલિદાસ સામે જમણા હાથની તર્જની આંગળી ઊંચી કરી. તેમના કહેવાનો અર્થ એમ હતો કે પરમ તત્ત્વ એક જ છે. મંદમતિ કાલિદાસ આનો અર્થ એમ સમજ્યા કે આ બાઈ એમ કહેવા માગે છે કે પોતે કાલિદાસના શરીર પર એક પ્રહાર કરશે. કાલિદાસે સામે પાંચ આંગળી ઊંચી કરીને કહ્યું કે જો તે એક પ્રહાર કરશે તો પોતે સામા પાંચ પ્રહાર કરશે. તે વિદુષી બાઈ એમ સમજી કે કાલિદાસ એમ કહે છે કે પરમ તત્ત્વ એક જ હોવા છતાં તે સૃષ્ટિની રચના માટે પાંચ મહાભૂતોનું રૂપ ધારણ કરે છે. બાઈ કાલિદાસના પ્રત્યુત્તરથી પ્રસન્ન થઈ અને કાલિદાસ સાથે લગ્નગ્રંથિથી જોડાવા તૈયાર થઈ.

બંનેનાં લગ્ન થયાં. પ્રથમ મુલાકાતમાં જ બાઈ સમજી ગઈ કે તેનાં લગ્ન એક મંદમતિ મૂક પુરુષ સાથે થયાં છે. બાઈને આઘાત લાગ્યો. તેણે કાલિદાસને બહુ કડવાં વચનો સંભળાવ્યાં. કાલિદાસને પણ બહુ લાગી આવ્યું. કાલિદાસ પોતાનું કવિઠા ગામ છોડીને કાલીમઠ આવ્યા. અહીં મહાસરસ્વતીના મંદિરમાં બેસીને તેમણે ભગવતીની આરાધના કરી. આરાધનાથી પ્રસન્ન થઈને જગદંબાએ કાલિદાસને વિદ્વત્તા, પ્રતિભા, કવિત્વ અને

વાણીનું વરદાન આપ્યું. મંદમતિ કાલિદાસ હવે મહાકવિ કાલિદાસ થયા. આ વરદાન-પ્રાપ્તિ પછી કાલિદાસની પોતાની ધર્મપત્ની સાથે મુલાકાત થઈ. આ મુલાકાત વખતે તે વિદુષી બાઈ કાલિદાસને પ્રારંભમાં જ એક પ્રશ્ન પૂછે છે :

अस्ति कश्चित् वाग्वृद्धि ।

આ વાક્યમાં ત્રણ શબ્દો છે : अस्ति कश्चित् અને वाग्वृद्धि.

આ ત્રણે શબ્દોને પ્રથમ શબ્દરૂપે લઈને કાલિદાસે ત્રણ કાવ્યોની રચના કરી છે. ઉત્તમ કાવ્યો ધર્મપત્નીના પ્રશ્નનો ઉત્તર છે. આ ત્રણે કાવ્યોના પ્રથમ શ્લોકો અહીં પ્રસ્તુત છે-

१. अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरौ तोयनिधीवगाह्य स्थितः पृथिव्या इव मानदण्डः ॥
– कुमारसंभव

'ઉત્તર દિશામાં હિમાલય નામનો નગાધિરાજ પૂર્વ અને પશ્ચિમ દિશામાં સમુદ્રમાં અવગાહન કરીને રહેલો તે પૃથ્વીનો જાણે માનદંડ હોય તેમ ઊભેલો છે.'

२. कश्चित्कान्ताविरहगुरुणा स्वाधिकारात्प्रमत्तः
शापेनास्तंगमित महिमा वर्ष भोग्येण भर्तुः ।
यक्षश्चक्रे जनकतनया स्नानपुण्योदकेषु
स्निग्धच्छायातरुषु वसति रामगिर्याश्रमेषु ॥
– मेघदूत

'પોતાની ફરજમાં બેદરકારી બતાવતાં યક્ષસ્વામી (કુબેર)નો એક જ વર્ષ ભોગવવાનો (છતાં) વહાલીના વિયોગને કારણે અસહ્ય લાગતો અભિશાપ પામીને સામર્થ્યહીન થઈ ગયેલો કોઈ એક યક્ષ સીતાના સ્નાનથી પુનિત જળાશયોવાળા અને નમેરૂ-વૃક્ષોની ગાઢ છાયાવાળા રામગિરિના આશ્રમોમાં વસી રહ્યો હતો.'

३. वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वती-परमेश्वरौ ॥
– रघुवंश

'શબ્દ અને અર્થની સિદ્ધિ (જ્ઞાનપ્રાપ્તિ) માટે શબ્દ અને અર્થની જેમ સારી રીતે જોડાયેલાં જગતનાં માતા-પિતા પાર્વતી અને પરમેશ્વરને હું વંદન કરું છું.'

આ ત્રણ કાવ્યો દ્વારા મહાકવિ કાલિદાસ પોતાની વિદુષી પત્નીને જાણે કે આમ ઉત્તર આપે છે :

'જુઓ, દેવી! ભગવતી મહાસરસ્વતીની કૃપાથી મારામાં હવે આ પ્રકારની વાગ્વૃદ્ધિ થઈ છે!'

આ કથામાં કલ્પનાનું તત્ત્વ તો હશે જ, પરંતુ કલ્પના કેટલી સુંદર અને કાવ્યાત્મક છે! મહાકવિ કાલિદાસને શોભે તેવી આ કથા છે.

કાલિદાસની કથા કહ્યા પછી આ વૃદ્ધ સજ્જને કાલિદાસના આ ગામ વિશે પણ ઘણી રસપ્રદ વાતો કહી.

આ ગામમાં શિક્ષણનો ખૂબ મહિમા છે. મહાકવિના ગામમાં કોઈ અભણ રહે? તેમણે અમને કહ્યું કે આ ગામમાં બાલક-બાલિકાઓ ખૂબ ઉત્સાહપૂર્વક ભણે છે. આ ગામમાં કન્યા-કેળવણીનું કેટલું પ્રમાણ છે અને કેટલો મહિમા છે તે સમજવા માટે એક જ હકીકત પર્યાપ્ત ગણાશે. આ સાવ નાના ગામમાં ગ્રેજ્યુએટ કન્યાઓની સંખ્યા ૭૬ છે. આ ગામમાં ૧૦૦થી વધારે પરિવારો નથી. મોટર-રસ્તો તો હજુ ગઈ કાલે જ બન્યો. આ ગામ ઘણું ઊંડાણમાં આવેલું છે. ગઈ કાલ સુધી બાળકો ગુપ્તકાશી ચાલીને ભણવા જતાં. ગુપ્તકાશી અહીંથી ૧૨ કિ.મી. દૂર છે. પહાડી પગવાટનો માર્ગ હતો અને છતાં આ ગામમાં ૭૬ કન્યાઓ ગ્રેજ્યુએટ છે.

તે વૃદ્ધ પુરુષે અમને ગૌરવપૂર્વક કહ્યું :

'અરે! અમારાં દીકરા-દીકરીઓ ખૂબ ભણે છે, ખૂબ ઉત્સાહપૂર્વક ભણે છે અને ભારે કષ્ટ વેઠીને પણ ભણે છે.'

માત્ર આ ગામ કવિઠામાં જ નહિ, સમગ્ર ઉત્તરાંચલમાં, અરે ! સમગ્ર હિમાલયમાં શિક્ષણનાં મહિમા અને પ્રમાણ ખૂબ વધ્યાં છે. હિમાલયની મારી અનેક યાત્રાઓ દરમિયાન મેં જોયું છે કે આ મહાન હિમાલયમાં ખૂબ વ્યાપક પ્રમાણમાં બાલક-બાલિકાઓ પીઠ પર થેલો (તેમની ભાષામાં પીઠું) બાંધીને શાળાએ જતાં હોય છે. ક્યારેક તો આ અંતર ૧૨ કિ.મી. જેટલું હોય છે અને હિમાલયમાં

**(અનુસંધાન પાના નં.૨૯ ઉપર)**

# મન કે જીતે જીત હૈ...

**ડૉ. હરીશ દ્વિવેદી**

મન વિશે ખૂબ સરસ મજાની વાત કરતાં કહેવામાં આવ્યું છે કે, "મન કે જીતે જીત હૈ, મન કે હારે હાર" અર્થાત્ મન જીતી લીધા પછી સદા-સર્વદા આપણી જીત-વિજય નિશ્ચિત છે, પરંતુ જો મનથી હારી ગયા તો સમજવું કે જિંદગીથી હારી ગયા, પછી તો બધા જ ક્ષેત્રે આપણી હાર અને પીછેહઠ શરૂ થઈ જશે. એટલા માટે જ ખૂબ સાવધાન રહેવાની જરૂર છે. મનને નબળું બનાવી દે એવો કોઈ પણ વિચાર મનમાં ઘૂસી ન જાય એ હંમેશાં જોતાં રહેવાનું છે. જીવનને ક્યારેક નિરંતર અસ્ખલિત વહેતી ધારાની સાથે સરખાવવામાં આવ્યું છે તો ક્યારેક એને અંધકાર અને પ્રકાશની સંતાકૂકડીની રમત જેવું બતાવવામાં આવ્યું છે. ક્યારેક એને એક મહાસંગ્રામનું સ્વરૂપ પણ આપવામાં આવ્યું છે. જીવનના આ સંગ્રામમાં આપણે છેલ્લી ઘડી સુધી ઝઝૂમતા રહેવું એનું નામ જ જિંદગી છે. અર્જુનની માફક હથિયાર હેઠે મૂકી બેસી ગયા તો સમજવું કે જીવનસંગ્રામમાં આપણે હારી ગયા. એટલા માટે તો મહાભારતની રણભૂમિ ઉપર ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને "તતો યુદ્ધાય યુજ્યસ્વ" અને "મામાનુસ્મર યુદ્ધ ચ" જેવો ક્રાંતિકારી ઉપદેશ આપી યુદ્ધ કરવા માટેની પ્રેરણા આપી હતી.

જીવન જીવવામાં ડગલે ને પગલે નાનો-મોટો સંગ્રામ તો અનિવાર્ય હોય છે. મનની રણભૂમિ ઉપર પણ બુદ્ધિ વિરુદ્ધ લાગણીઓનું તુમુલ યુદ્ધ હંમેશાં ચાલ્યા જ કરતું હોય છે. આપણા આ નાનકડા મનની પારાવાર શક્તિઓનો તો કોઈ અંદાજ લગાવી શકાય તેમ નથી. વૈજ્ઞાનિકો એની ક્ષમતાઓને જાણવા માટે જેમ જેમ નવા પ્રયોગો કરતા જાય છે તેમ તેમ તેઓ વધુ ને વધુ આશ્ચર્યમાં ગરકાવ થતા જાય છે. આ મન જ આપણાં સઘળાં સુખ-દુઃખ અને સફળતા-નિષ્ફળતાનું મૂળભૂત કારણ છે.

પરંતુ બહારથી ધસમસતા આવતા વિચારોના પ્રવાહને આપણે રોકી પણ શકતા નથી. પરિણામે મનથી આપણે હારી-કંટાળીને બેસી જતા હોઈએ છીએ. ત્યારે કરવું શું? આપણા સહુનો આ પ્રશ્ન છે. જીવનનું ચક્ર કદી અટકતું હોતું નથી, તે નિરંતર ચાલ્યા કરતું હોય છે, હંમેશાં એ ગતિશીલ હોય છે. એની પ્રત્યેક ક્ષણ આપણા માટે કોઈક નવું જ નજરાણું લઈને ઉપસ્થિત થતી હોય છે. એનું પ્રેમપૂર્વક સ્વાગત કરીને જીવનને નિત-નવી દૃષ્ટિએ જોતાં શીખવાનું છે. જીવનની કુતૂહલવૃત્તિ અને યૌવનની વસંતને સદાબહાર રાખવાનો કીમિયો આપણાં મનની પાસે છે. સદાબહાર અભિનેતાની વાતો તો આપણે ઘણી વાર કરતાં હોઈએ છીએ. જીવનની રંગભૂમિ ઉપર આપણે પણ એવા સદાબહાર અભિનેતા બની જીવતાં શીખવાનું છે. જીવનની એ મોટામાં મોટી કળા છે

આવા એક સદાબહાર જીવનવીર અને મહાન સર્જક વોલ્ટેરના જીવનનો એક સુંદર પ્રસંગ છે. ફ્રાંસની સુવિખ્યાત ક્રાંતિના તેઓ અગ્રગણ્ય સૂત્રધાર હતા. ક્રાંતિને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓની સાથે સાથે તેમણે વિપુલ પ્રમાણમાં સાહિત્યનું સર્જન પણ કર્યું છે. એમના મતાનુસાર સાર્થક જીવનનું સમીકરણ હતું સક્રિયતા અને સર્જનાત્મકતા. તેની સાથે સાથે એમણે હાસ્યને પણ જીવનમાં ખૂબ જ મહત્ત્વ આપ્યું હતું, કારણ કે કુદરતે ફક્ત માણસને જ હસવાની શક્તિ આપી છે. માણસજાતની આ એક મોટામાં મોટી મૂડી છે, જે જીવનને હંમેશાં ચેતનવંતું અને સદાબહાર તથા પ્રફુલ્લિત રાખે છે. વોલ્ટેરે હાસ્યની આ ગજબની તાકાતને પિછાણી લીધી હતી એમ લાગે છે.

ફ્રાંસની ક્રાંતિને લગતી અનેક ભારેખમ પ્રવૃત્તિઓની વચ્ચે પણ વૉલ્ટેર હંમેશાં હસતો રહેતો અને લોકોને પણ હસાવતો રહેતો. એનાં હાસ્ય-વિનોદ અને કટાક્ષ ખૂબ જાણીતાં છે. ફ્રાંસની રાજાશાહીના તેઓ એક મોટા વિરોધી હતા. એ વખતે રાજાશાહીના વૈભવ અને દોરદમામની પાછળ લખલૂટ ખર્ચ થતો. એ ફિજૂલ ખર્ચને બંધ કરાવવા વૉલ્ટેરે અનેક પ્રયત્નો

કર્યા હતા, પરંતુ એનું ધાર્યું પરિણામ આવતું નહીં. એક વાર રાજાએ વધારાના ખર્ચ ઉપર કાપ મૂકવા કરકસરનાં પગલાંરૂપે દરબારી તબેલામાંથી અડધાથી પણ વધુ ઘોડા વેચી નાખ્યા. આ વાતની વૉલ્ટેરને ખબર નહોતી એટલે રાજ્યના મુખ્ય સચિવે આ વાતની જાણ કરતાં વૉલ્ટેરને કહ્યું કે, 'હવે તો તમને સંતોષ થશે ને? રાજાએ રાજ્યની તિજોરીના ખર્ચ ઉપર કાપ મૂકવા કેટલું મોટું ક્રાંતિકારી પગલું લીધું છે? તેમણે અડધાથી પણ વધુ ઘોડાઓ વેચી નાખી ખોટા ખર્ચમાં ભારે કાપ મૂક્યો છે. બોલો, રાજાનો આ નિર્ણય તમને કેવો લાગ્યો? હવે તો તમે રાજીને?'

એનાં પ્રત્યુત્તરમાં ભારે કટાક્ષ કરતાં વૉલ્ટેરે કહ્યું કે, 'દરબારી શાહી ઠાઠમાઠના ખર્ચને ઓછો કરવા અડધા ઉપરાંતના તબેલાના ઘોડાઓનો નિકાલ તેમણે કર્યો એ તો જાણે સારી વાત છે. રાજાનું આ પહેલું વિચારયુક્ત યોગ્ય પગલું છે, પરંતુ સાથે-સાથે શાહી દરબારીઓમાંથી અડધા ગધેડાઓને પણ છૂટા કર્યા હોત તો વધુ સારું થાત!'

હાસ્યની સાથે કેવો મર્મયુક્ત કટાક્ષ વોલ્ટેરે ખૂબ સહજ રીતે ઉપરના શબ્દોમાં મૂકી દીધો છે. આ વાત આજે આપણી લોકશાહીના દોરદમામ અને પ્રજાના પૈસે મોટા પાયે થતા ફિજૂલ ખર્ચને પણ એટલી જ લાગુ પડે છે. લોકોની સેવા અને કલ્યાણની વાતો તો મોટી મોટી થાય છે. બસ, એટલું જ કામ તો નામ માત્રનું જ થતું હોય છે અને જે રીતે સરકારી તિજોરીમાંથી પ્રધાનો દ્વારા આંધળા ખર્ચ કરવામાં આવી રહ્યા છે એનો તો કોઈ અંદાજ લગાવી શકાય તેમ નથી. એ પરિસ્થિતિનું ભાન કરાવવા આજે એક નહીં, પરંતુ આવા અનેક વોલ્ટેરની જરૂર પડે તેમ છે.

જીવનમાં અને વ્યવહારમાં સત્યને આ રીતે નિર્ભિકપણે બતાવી શકે એવા વીરલાઓની આજે ખૂબ આવશ્યકતા છે. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી મહાત્મા ગાંધીની સાથે એક આખો યુગ આથમી ગયો. આઝાદીની વેદી ઉપર કરવામાં આવેલ નાના-મોટા અનેક ત્યાગ, બલિદાન અને સમર્પણોને આજે આપણે સાવ ભૂલી ગયા છીએ. ક્યારેક ક્યારેક એ બધાંને યાદ કરતાં રહેવાની પણ જરૂર છે. એવો એક ભવ્ય પ્રસંગ મોતીલાલ નહેરુના જીવનનો છે. આઝાદીની ચળવળની શરૂઆતના એ દિવસો હતા. ગાંધીજીની સત્યાગ્રહની લડતમાં મોતીલાલજી પણ સ્વેચ્છાએ જોડાયા હતા. એ સમયે ખ્યાતનામ એડવોકેટ તરીકે મોતીલાલ નહેરુનું નામ આદર સાથે લેવામાં આવતું હતું.

એ દરમિયાનમાં બ્રિટિશ સરકાર તરફથી કોઈ અગત્યનો કેસ લડવા માટે મોતીલાલને આમંત્રણ મોકલવામાં આવ્યું અને એની ફી તરીકે એમને લગભગ એ વખતે નેવું લાખ રૂપિયા મળે તેમ હતું. હવે કરવું શું? આ બાબતમાં શું કરવું તે માટે તેમણે ગાંધીજીને તરત લખી જણાવ્યું. એના પ્રત્યુત્તરમાં ગાંધીજીએ એમને ટેલિગ્રામ કરી જણાવ્યું કે, "તમે બ્રિટિશ સરકારની એ ઓફર સ્વીકારશો તો સત્યાગ્રહી મોતીલાલ પછી મોતીલાલ રહેશે નહીં."

...અને મોતીલાલ નહેરુએ તેમના જીવનની એ મોટામાં મોટી ઓફરને ઠુકરાવી દીધી હતી. જીવનમાં પૈસા કરતાં અનેકગણી મહત્ત્વની બીજી વસ્તુઓ પણ હોય છે અને ઘણી બધી સારી વસ્તુઓ પૈસા વડે ખરીદી પણ શકાતી હોતી નથી. શરીરનું આરોગ્ય અને મનનાં સુખ-શાંતિ અને આનંદ પૈસાથી ખરીદી શકાય તેમ નથી. આ પ્રસંગ પછી મોતીલાલજીને ગાંધીજી સાથે મળવાનું થયું. મોતીલાલજી નાની-નાની વાતોમાં પણ જલદીથી ગુસ્સે થઈ જતા. આ વાતનું ધ્યાન રાખી ગાંધીજીએ એમને એક વાર પૂછ્યું કે, 'તમે તમારો મિજાજ આટલો જલદી કેમ ગુમાવી દો છો?' એનો હસતાં હસતાં જવાબ આપતાં મોતીલાલજીએ કહ્યું કે, 'બાપુ, હવે બીજું ગુમાવવા જેવું મારી પાસે બાકી પણ શું રહ્યું છે? એકમાત્ર મિજાજ ગુમાવી શકું તેમ છું.' મોતીલાલજીના એ શબ્દોની સાથે નાનકડા ખંડમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. જીવનમાં આવી નાની-નાની રમૂજી વાતોની હળવી ક્ષણો જીવનને ચેતનવંતું અને મનની વસંતને સદાબહાર રાખતી હોય છે. જીવનમાં આપણે પણ આવી હાસ્યની હળવી ક્ષણોને માણતાં રહેવાની સાથે સાથે 'મન કે જીતે જીત હૈ...'ના સૂત્રને અપનાવી જીવનને વિજયનો એક મહોત્સવ બનાવીએ.

# વૃત્તાંત

**શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : તા. ૧ થી ૩ મે, ૨૦૧૩, અમદાવાદ :** પહેલી મે એટલે ગુજરાતનો પ્રાકટ્ય દિવસ. આ પર્વે આશ્રમના વાર્ષિકોત્સવ પ્રસંગ સમયે શ્રી અનિલ માનઘનિયા રચિત અને સ્વરાંકન પામેલ તથા શ્રી હર્ષ પટેલના કંઠે ગુજરાત પ્રશસ્તિનું સુંદર ગાયન, વાદ્યવૃંદ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. પહેલી મેથી ત્રીજી મે સુધી આશ્રમનો વાર્ષિકોત્સવ ધામધૂમથી આનંદ અને ઉત્સાહભેર સમ્પન્ન થયો. જેનો અહેવાલ ગતાંકમાં આપવામાં આવેલ.

આ તમામ પ્રસંગોએ અનેક સંતોએ આશ્રમમાં પગલાં કર્યાંથી આશ્રમની પાવકતા વધુ પુનિત અને ધન્ય બની.

**૪ મે, ૨૦૧૩, આણંદ :** આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના વાર્ષિક પારિતોષિક વિતરણ સમારંભ કાર્યક્રમના પ્રમુખપદે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીને નિમંત્રવામાં આવ્યા હતા. અધ્યયન, અધ્યાપન, વાર્ષિક રમતોત્સવ, આંતર વિશ્વવિદ્યાલય સ્પર્ધાઓ, વ્યક્તિગત વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન ૧૩૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવ્યાં. આ પ્રસંગે બોલતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'તમો સૌ કૃષિક્ષેત્રના શિક્ષાર્થી છો. કૃષિ કાર્ય જે ભૂમિ પર અધ્યયન કરો છો તે જમીનના જમીર અને ખમીરના ગૌરવને સાચવજો. ભારત કૃષિપ્રધાન દેશ હતો. આંધળા અનુકરણ, યંત્રયુગ અને પાશ્ચાત્ય પ્રવાહની વચ્ચે ખેતીવાડી-બાગાયત કાર્ય ખોરવાતું જાય છે. દક્ષિણ ગુજરાતના જમીનદારો આંબાવાડિયાં અને ચીકુ ઈત્યાદિ ફળફૂલોના બગીચાઓ ફેક્ટરીઓ અને વસાહતો ઊભી કરવા માટે વેચી રહ્યા છે. આ જ અવસ્થા સાબરકાંઠા વગેરે ઉત્તર ગુજરાત અને કચ્છમાં છે. જમીનના સોદા કરીને મળેલી લખલૂટ ધનસંપદાનો તાત્કાલિક વ્યય નશો, જુગાર અને અનૈતિક માર્ગે થઈ રહ્યો છે. તમો સૌ આ ભૂમિના યોગ્ય સંરક્ષક છો. ભૂમિનું ઉચ્ચ ઉત્પાદક ધોરણ, ભૂમિનું સંરક્ષણ અને ઋતુ પ્રમાણે તથા જમીનની યોગ્યતા પ્રમાણેના વાવેતરના વિજ્ઞાનના તમો સ્નાતક થયા છો. આ સંરક્ષણ ફક્ત ગુજરાત મહારાષ્ટ્રની જમીનનું નથી, આ આપણા રાષ્ટ્રના ગૌરવ, ગરિમા અને પુણ્ય માતૃભૂમિનું સંરક્ષણ છે. માત્ર કૃષિ કાર્યથી જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની સળગતી સમસ્યા 'ગ્લોબલ વોર્મિંગ' સમક્ષ વૃક્ષારોપણ, વૃક્ષોનો ઉછેર, વનસંપદાનું સંરક્ષણ વગેરે કાર્યો ખૂબ જ મહત્ત્વનાં બની રહે છે. તમો માત્ર કૃષિ વિજ્ઞાનના સ્નાતક કે સ્નાતકોત્તર વિદ્યાર્થી નથી, તમો ભાવિ ભારતના આધારસ્તંભ છો. માતૃભૂમિના ઋણની વિસ્મૃતિ કરશો નહીં.' કાર્યક્રમના સમાપન પછી પૂજ્ય સ્વામીજીએ કૃષિ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું.

**અમદાવાદ :** વિવિધ ધર્મના વડા ધર્મગુરુઓની એક મુલાકાત શિવાનંદ આશ્રમમાં સાંજે ૫-૦૦થી ૮-૦૦ વાગ્યા સુધી આયોજાઈ. સમાજમાં સંવાદિતા જાળવી રાખવા ક્ષેત્રે ધર્મગુરુઓ શું શું કરે છે, અને કરી શકે વગેરે વિચારોની આપ-લે આ મુલાકાતમાં થઈ. આ કાર્યક્રમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના પ્રમુખપદે આયોજાયો. મુલાકાતના અંતે સૌ ધર્મધુરંધરો ભોજન લઈને વિદાય થયા.

**તા. ૫ મે, ૨૦૧૩, જૂનાગઢ :** જૂનાગઢ વડનગરા નાગર પરિષદ દ્વારા નવનિર્મિત શ્રી નરસિંહ મહેતા ભવનના લોકાર્પણ પ્રસંગે કાર્યક્રમના પ્રમુખપદે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજને નિમંત્રવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય ખાદી કમિશનના પરમાધ્યક્ષ શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ પણ અતિથિવિશેષપદે ઉપસ્થિત રહ્યા હતા. આ ધન્ય પ્રસંગે સમગ્ર ગુજરાતમાંથી વડનગરા નાગર ગૃહસ્થોએ ઉપસ્થિત રહી આ પવિત્ર કાર્યની અનુમોદના કરી હતી.

પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'ભગવાન શિવે પોતાનાં પાર્વતીજીના લગ્ન પ્રસંગે આ પ્રસંગ પાર પાડવા માટે સ્વસંકલ્પથી જે બ્રાહ્મણોને પ્રગટ કરેલા તે બ્રાહ્મણો આગળ ઉપર નાગર અથવા તો નાગર બ્રાહ્મણો કહેવાયેલા. ભગવાન શિવના દામ્પત્ય પ્રવેશના પ્રસંગને ખૂબ જ ધન્યતાપૂર્વક પાર પાડવાની ખુશીમાં શિવજીએ આ બ્રાહ્મણોને સ્વર્ણનું

શિવલિંગ આપ્યું હતું. સોનાને 'હાટક' પણ કહેવાય છે, તેથી આ નાગર સમાજના ઇષ્ટદેવતા હાટકેશ્વર મહાદેવ થયા, આ વાતનો ઉલ્લેખ સ્કંદપુરાણમાં છે.' પૂજ્ય સ્વામીજીએ ઇતિહાસનાં સંશોધનોનાં ઉદ્ધરણો ટાંકીને નાગરોની વ્યુત્પત્તિનો ઇતિહાસ કહેતાં કહ્યું કે, 'એલેકઝાંડર ભારતમાંથી પાછો જતો હતો ત્યારે તેની સેનાના અનેક સેનાપતિઓ પોતાનાં મંડળો સાથે કાશ્મીરમાં રોકાઈ ગયા હતા અને કાશ્મીરી બ્રાહ્મણોની કન્યાઓ સાથે પરણી ત્યાં જ સ્થાયી થયા હતા, કાલાંતરે તેઓએ સ્થળાંતર કરતાં તેઓ વડનગરા, વીસનગરા, પ્રશ્નોરા વગેરે કહેવાયા. નાગરોની પ્રામાણિકતા રૂપ સંસ્કાર, વાક્છટા, ગાયન, વાદન, પાકશાસ્ત્ર પાંડિત્ય, લેખન પ્રવૃત્તિ અને આવશ્યકતા હોય ત્યારે હાથમાં શસ્ત્ર ધારણ કરવાની તેમ જ મુત્સદ્દીગીરીને કારણે જ નાગરો ગુજરાત સૌરાષ્ટ્રના રાજવીઓના પ્રિય રહ્યા હતા. રૂપિયા એક કરોડના ખર્ચે બંધાયેલ અને બાકીનું કાર્ય બીજા બે કરોડમાં સમ્પન્ન થશે તેવા આ નરસિંહ મહેતા સાંસ્કૃતિક ભવન-અતિથિભવનનું લોકાર્પણ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સવારે પૂજ્ય સ્વામીજીએ શ્રી હાટકેશ હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી.

**તા. ૧૦થી ૩૦ મે, ૨૦૧૩, અમદાવાદ :** ૨૯મા યોગશિક્ષક તાલીમ શિબિરમાં ભારત ઉપરાંત જર્મની, તાઈવાન અને ઇઝરાયલના યોગપ્રેમીઓ પણ જોડાયા. તા. ૧૦ની સાંજે તેમના સત્કાર બાદ તા.૩૦ની સાંજે તેમનો વિદાય સમારંભ અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ થયો. દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના ટ્રસ્ટીશ્રી અને માનદ્‌મંત્રી શ્રી રાજીવ શાહના વરદહસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા. દરરોજ સાડા અગિયાર કલાકના હિસાબે વીસ દિવસમાં ૨૨૦ કલાકનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. જેમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, મુદ્રા, બંધ, ક્રિયાઓ, ભગવદ્‌ગીતા અને પાતંજલ યોગદર્શનનું પ્રશિક્ષણ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીએ સંપાદન કર્યું. તદુપરાંત ડૉ. વર્ષાબેન દવે, ડૉ. અશોક નિર્વાણ, ડૉ. અમીષ ક્ષત્રિય, શ્રીમતી રૂપાબેન મજમુદાર, કુ. સંગીતા થવાણી, શ્રીમતી ચિદ્‌રૂપિણી ક્ષત્રિય, વૈદ્ય ભાવદીપ ગણાત્રા, શ્રી સુરેશ પટેલ વગેરે વિદ્વાનોએ તબીબી વિજ્ઞાન, આયુર્વેદ, એજ્યુકેશન સાઇકોલોજી રેઈકી તથા મેનેજમેન્ટનું પ્રશિક્ષણ આપ્યું. આ પ્રશિક્ષણ સત્રમાં ૨૧ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું. શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કુ. અમૃતા ત્રિવેદી અને સમગ્ર શિક્ષાસત્રના વૈવિધ્ય કાર્યક્રમોના શ્રેષ્ઠ વિદ્યાર્થી ડૉ. વિનય પટેલ રહ્યા. આગામી યોગશિક્ષક તાલીમ શિબિર ૧૦ ડિસેમ્બરથી ૩૦ ડિસેમ્બર, ૨૦૧૩ દરમિયાન આયોજાશે.

**૨૦ મે, ૨૦૧૩, અમદાવાદ :** શ્રી શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે પ્રતિષ્ઠિત ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવનો અઢારમો પાટોત્સવ સોમવાર તા.૨૦ મેના રોજ આનંદ, ઉત્સાહ અને ધામધૂમથી સમ્પન્ન થયો. અભિજાત મુહૂર્તે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે લઘુરુદ્ર-યજ્ઞનું બીડું હોમી પૂર્ણાહુતિ કરી. સાંજે મહાઆરતી અને ભવ્ય શૃંગાર પછી મહાપ્રસાદ-ભંડારાનું આયોજન થયું. ૩૫૦ દરિદ્રનારાયણોને પણ ભોજન પ્રદાન કરી આયોજકોના હૈયે સાચા અર્થમાં વિશ્વનાથની કૃપા પ્રાપ્ત કરી.

**ધન્યતાની પળ**

આશ્રમના સેવકો દરિદ્રનારાયણોને ભોજન પીરસી રહ્યા હતા ત્યારે આકસ્મિક બે વ્યક્તિ આવી પહોંચી. એક નાની ઉંમરનો છોકરો અને એક પુખ્ત પરિપક્વ પ્રૌઢ પુરુષ. આશ્રમથી લાવવામાં આવેલી બધી જ રસોઈ પીરસાઈ જ ગઈ હતી, તેથી એક સ્વયં સેવકે વાસણોમાં વધેલી બે પૂરી તે નાના છોકરાની નાની વાટકીમાં મૂકી અને તપેલાના તળિયેથી શાક સમેટીને પ્રૌઢના મોટાં વાસણમાં આપ્યું. પ્રૌઢે કહ્યું, 'ખાલી શાક શેમાં ખાઈશ?' અને ક્ષણભરનો વિલંબ કર્યા વગર પેલા નાના છોકરાએ પોતાની નાની વાટકીમાંથી બંને પૂરી તે પ્રૌઢ પુરુષને આપી દીધી. શાંત અને સ્વસ્થ મને તે પોતાની ઝૂંપડી ભણી દોડી ગયો.

તે ઉંમરમાં નાનો હતો, તેનું ભિક્ષાપાત્ર ખૂબ જ નાનું હતું પણ તેનું હૈયું દરિયાદિલ હતું. ધોળાં કપડાં પહેરીને ઊજળા દેખાતા મેલામટ સમાજ વચ્ચે, અડધાં મેલાંઘેલાં કપડાં પહેરીને રહેતો આ સમાજ વધુ ઊજળો છે તેનું દર્શન ધન્યતાની પળ ઊભી કરે છે.


Suvarna
Antique
collection
કુંદન..જાણે સૃષ્ટિભર આકર્ષણના પર્યાય.
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
પ્રકૃતિનાં સુંદરતમ સર્જનોમાં નારીનો પણ સમાવેશ થાય છે. સુવર્ણકલા કુદરતનાં આ અપ્રતિમ સર્જનનાં શણગાર માટે હંમેશા કંઈક નવું લાવતા રહે છે. રાજા રજવાડાઓની રિયાસતની સાથે વખણાય છે તેમનાં આભૂષણો. આ જ પ્રકારની આભા ધરાવતા દાગીનાની વિશાળ શ્રેણી એટલે સુવર્ણકલાનું Suvarna Antique Collection. જે બનશે નારી માટે આકર્ષણનાં પર્યાય.
સોનાની શુકનવંતી લગડીઓ સરળ હપ્તે સર્ટીફીકેટ સાથે ઉપલબ્ધ.
અમદાવાદ: સી. જી. રોડઃ નેશનલ પ્લાઝા, લાલ બંગલા સામે, અમદાવાદ-380 006. રતનપોળઃ 'સુવર્ણ મહલ', મરચીપોળની સામે, અમદાવાદ-380 001.
વડોદરા: અલકાપુરીઃ 1, ગોકુલેશ કોમ્પ્લેક્ષ-II, 'સાસુમા' ડાઈનીંગ હોલની બાજુમાં, આર. સી. દત્ત રોડ,વડોદરા-390 007.
HETARSH
Follow us on:

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા.લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

## ટાઈટલ–૧

## પવિત્ર થાઓ અને રાહ જુઓ

જેમ નાનો બલ્બ વધુ પડતા વોલ્ટેજવાળા વિદ્યુતપ્રવાહને જીરવી શકતો નથી તેમ જ્યારે મન સખત રીતે પવિત્રીકરણ માટે પ્રયત્ન નથી કરતું હોતું ત્યારે હૃદય અને જ્ઞાનતંતુઓ વૈશ્વિક પ્રવાહને સ્વીકારવા તૈયાર હોતાં નથી.

**- સ્વામી શિવાનંદ**


## ટાઈટલ–૪


## પ્રાર્થના–પ્રારંભ અને અંત

પ્રાર્થના એ દિવ્ય સત્તા સાથેના વિચારવિનિમયનું સાધન છે. પ્રારંભિક તબક્કામાં જ્યારે ગંભીર ભક્ત ભગવદ્પ્રાપ્તિ માટે ઝંખે છે ત્યારે તે પ્રાર્થના કરે છે કે, 'હે નાથ ! મને આપનું દર્શન આપો. આપની હાજરીનો સતત અનુભવ કરાવો.' તે ભક્તનું હૃદય ભગવાન સાથે એકાકાર થવા ઝંખે છે.


**- સ્વામી ચિદાનંદ**

તમે તમારા જીવનમાં કેવા અનુભવ કરી રહ્યા છો
તે મહત્ત્વનું નથી. આ તો તે અનુભવો સમયે તેનો તમે કેવો
પ્રતિભાવ આપો છો તે વાત છે અને આ જ તમારા
જીવનના રૂપાંતરનું પરિબળ બની રહેશે.






તમારો જીવન વીમો ભગવાન પાસે ઊતરાવો.
પેઢીઓ બંધ થઈ જાય બેન્ક પણ બંધ થઈ શકે છે;
પરંતુ દિવ્ય વીમા કંપની કદીયે બંધ નહિ થાય.



મન અને ઈન્દ્રિયોનું નિયંત્રણ એ મહાદુષ્કર કાર્ય છે.
તેની તુલના ગંગાના પ્રવાહને પાછો ગંગોત્રી તરફ
વહેતો કરવાના કાર્ય સાથે થઈ શકે.
છતાં કંઈ પણ અસંભવ નથી.








કૃષિ વિશ્વવિદ્યાલય, આણંદના વાર્ષિક સમારંભમાં દીપ પ્રજ્વલનથી ઉદ્‌ઘાટન કરી વૃક્ષારોપણ કરતા
પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ (તા. ૪-૫-૨૦૧૩)





યોગ-શિક્ષક તાલીમ શિબિરમાં પ્રથમ સ્થાન મેળવેલાં કુ. અમૃતા ત્રિવેદી
અને સર્વાંગીણ શ્રેષ્ઠ વિદ્યાર્થી ડૉ. વિનય પટેલને પ્રશસ્તિ પ્રદાન કરતા
શ્રી રાજીવ શાહ (ટ્રસ્ટી-મહામંત્રી, દિવ્યજીવન સાંસ્કૃતિક સંઘ)



વિશ્વનાથ મંદિર, શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે
પાટોત્સવ નિમિત્તે યોજાયેલ લઘુરુદ્ર હવનની પૂર્ણાહુતિ
(તા. ૨૦-૫-૨૦૧૩)



૨૯મા યોગ-શિક્ષક તાલીમ શિબિર (મે-૨૦૧૩)માં ભાગ લેનાર યોગપ્રેમીઓ અને શિક્ષકવૃંદ